સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 41

[03/10/21 to 09/10/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



10% DISCOUNT



નવી બેચ 15/10/21

પોલીસ કોન્સ્ટેબલ
સર્વશ્રેષ્ઠ તૈયારીની ખાતરી

ગુજરાત પોલીસમાં
1270થી વધુ સફળ વિદ્યાર્થીઓ


**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**03 OCT-2021**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત મિશન-અર્બન 2.0' અને 'અમૃત 2.0' લોન્ચ કર્યું ..... 02
- કાવેરી નદી જળ વિવાદ..... 03
- QUESTION ANSWERS ..... 06

**04 OCT-2021**

- દિવસ મહિમા : 4 ઓક્ટોબર, (1) વિશ્વ પ્રાણી દિવસ (2) ઓક્ટોબર માસનો પ્રથમ સોમવાર, વિશ્વ આવાસ દિવસ..... 07
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'જળ જીવન મિશન એપ્લિકેશન' લોન્ચ કરી..... 07
- ભારતે 'એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ'માં બ્રોન્ઝ મેડલ જીત્યો ..... 08
- વિશ્વના સૌથી મોટા ખાદીના રાષ્ટ્રીય ધ્વજનું લેહમાં અનાવરણ ..... 09
- QUESTION ANSWERS ..... 10

**05 OCT-2021**

- દિવસ મહિમા : 5 ઓક્ટોબર, વિશ્વ શિક્ષક દિવસ (World Teacher's Day)..... 11
- ડ્રોન આધારિત રસી ડિલિવરી મોડલ : i-Drone..... 11
- રશિયાએ સબમરીનમાંથી હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું..... 12
- તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલના અભિનેતા શ્રી ઘનશ્યામ નાયક (નટુકાકા)નું નિધન..... 13
- QUESTION ANSWERS ..... 15

**06 OCT-2021**

- વીજ કરંટને કારણે હાથીઓના મૃત્યુને રોકવા માટે ઓડિશા સરકારની પહેલ..... 16
- પેન્ડોરા પેપર્સ લીક (Pandora Papers Leak)..... 16
- QUESTION ANSWERS ..... 18

**07 OCT-2021**

- કેન્દ્ર સરકારે 7 'પીએમ મિત્ર પાર્ક' (PM MITRA Parks)ને મંજૂરી આપી..... 19
- ભારત-જાપાન સમુદ્રી દ્વિપક્ષીય અભ્યાસ -2021 (JIMEX- 2021)..... 20
- WHOએ વિશ્વની પ્રથમ મેલેરિયા રસીને મંજૂરી આપી ..... 20
- QUESTION ANSWERS ..... 22

**08 OCT-2021**

- દિવસ મહિમા : 8 ઓક્ટોબર, ભારતીય વાયુસેના દિન..... 23
- 'વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ'માં સુશ્રી અંશુ મલિકે સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો..... 23
- રાષ્ટ્રીય માર્ગ સલામતી બોર્ડ (National Road Safety Board)..... 23
- શ્રી અરવિંદ ત્રિવેદીનું નિધન..... 24
- જળ વ્યવસ્થાપન માટે 'હેલી-બોર્ન સર્વે ટેક્નોલોજી'..... 26
- QUESTION ANSWERS ..... 28

**09 OCT-2021**

- દિવસ મહિમા : 9 ઓક્ટોબર, (1) વિશ્વ ટપાલ દિવસ (2) પ્રાદેશિક સેના દિવસ ..... 29
- 'Good Samaritans' યોજના..... 29
- વર્લ્ડ બેંકે 'Shifting Gears : Digitization and Services- Led Development' રિપોર્ટ બહાર પાડ્યો..... 30
- QUESTION ANSWERS ..... 31

**ONE LINER** ..... 32

**QUESTION OF THIS WEEK** ..... 37


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત મિશન-અર્બન 2.0' અને 'અમૃત 2.0' લોન્ચ કર્યું




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં 'સ્વચ્છ ભારત મિશન–અર્બન 2.0' (SBM-U 2.0) અને 'અમૃત 2.0' (Atal mission for Rejuvenation and Urban Transformation-AMRUT 2.0) લોન્ચ કર્યુ છે.

- આ યોજનાઓ નવી દિલ્હીમાં 'ડો આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર' ખાતેથી શરૂ કરવામાં આવી હતી.
- આ બંને યોજનાઓ SBM-U 2.0 અને અમૃત 2.0 વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને અનુરૂપ છે.
- આ યોજનાઓ તમામ શહેરોને કચરા મુક્ત અને પાણી સુરક્ષિત બનાવવાની આકાંક્ષાને સાકાર કરવા માટે રચાયેલ છે.
- સ્વચ્છ ભારત મિશનના બીજા તબક્કા હેઠળ, તે વર્ષ 2030 માટે નિર્ધારિત ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવાની દિશામાં આગળ વધશે.

### યોજનાઓનું મહત્વ

છેલ્લા 6-7 વર્ષમાં સ્વચ્છ ભારત અને અમૃત મિશને લોકોના જીવનમાં પરિવર્તનશીલ પરિવર્તન લાવ્યા છે.

- આ બંને મિશનએ વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને ભારતમાં શહેરી પરિદશ્યમાં સુધારો કર્યો છે.

### અમૃત 2.0 મિશન

અમૃત 2.0 મિશન શહેરોને આત્મનિર્ભર બનવામાં મદદ કરશે.

- તે શહેરોમાં પાણીની સુરક્ષા સુનિશ્ચિત કરશે.
- 4700 શહેરી સ્થાનિક સંસ્થાઓમાં તમામ ઘરોને 100% પાણી પુરવઠો પૂરો પાડવાના ઉદ્દેશ સાથે આ મિશન શરૂ કરવામાં આવ્યું છે.
- 500 અમૃત શહેરોમાં 2.68 કરોડ નળ કનેકશન અને 100% ગટર વ્યવસ્થા પ્રદાન કરીને આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં આવશે.
- આ મિશન માટે 2.87 લાખ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.

### સ્વચ્છ ભારત મિશન-અર્બન 2.0 (SBM-U 2.0)

સ્વચ્છ ભારત મિશન–અર્બન 2.0 (SBM-U 2.0) મિશન તમામ શહેરોને 'કચરા મુક્ત' બનાવવા માંગે છે.

- આ મિશન 3Rના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને ઘન કચરાના સ્ત્રોત વિભાજન પર ધ્યાન કેન્દ્રીત કરશે.
- 3R એટલે 'Reuse–ફરીથી ઉપયોગ', 'Reduce-ઘટાડવું' અને 'Recycle-નકામી વસ્તુને ફરીથી વાપરી શકાય એવી બનાવવી/પાણીને ફરીથી વાપરી શકાય તેવું બનાવવું.
- SBM-U 2.0 માટે 1.41 લાખ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાવેરી નદી જળ વિવાદ

તાજેતરમાં <u>'કાવેરી વોટર મેનેજમેન્ટ ઓથોરિટી'</u> (CWMA)એ કર્ણાટકને તમિલનાડુ માટે પાણીનો બાકીનો જથ્થો તાત્કાલિક છોડવાનો નિર્દેશ આપ્યો છે.

- જોકે, કાવેરી વોટર મેનેજમેન્ટ ઓથોરિટીએ તમિલનાડુ, કેરળ અને પુડુચેરીના વિરોધ બાદ પણ <u>મેકેદાતુ પ્રોજેક્ટ</u> પર કોઈ ચર્ચા કરી ન હતી.

### કાવેરી જળ વિવાદ

#### પૃષ્ઠભૂમિ

કાવેરી જળ વિવાદ ત્રણ રાજ્યો <u>તમિલનાડુ, કેરળ અને કર્ણાટક</u> તથા એક કેન્દ્રશાસિત પ્રદેશ <u>પુડુચેરી</u> સાથે સંબંધિત છે.

- આ વિવાદની ઉત્પત્તિ આશરે **<u>150 વર્ષ</u>** પહેલા **<u>1892</u>** અને **<u>1924</u>**ની વચ્ચે તત્કાલીન <u>મદ્રાસ પ્રેસિડેન્સી અને મૈસુર</u>ની વચ્ચે મધ્યસ્થતાના બે કરારની સાથે થઈ હતી.
- આ કરારમાં એ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે ઉપલા કિનારાના રાજ્યને કોઈપણ બાંધકામ પ્રવૃત્તિ (જેમ કે કાવેરી નદી પરના બંધ) માટે નીચેના કિનારાના રાજ્યની સંમતિ મેળવવી પડશે.

#### વર્તમાન ઘટનાક્રમ

વર્ષ **<u>1974</u>**થી કર્ણાટકે તમિલનાડુની સંમતિ લીધા વિના તેના ચાર નવા જળાશયોમાં (ડેમમાં) પાણી વાળવાનું શરૂ કર્યુ અને વિવાદ ઉત્પન્ન થયો.

- આ વિવાદને સમાપ્ત કરવા માટે વર્ષ **<u>1990</u>**માં <u>'કાવેરી જળ વિવાદ ટ્રિબ્યુનલ'</u> (CWDT)ની સ્થાપના કરવામાં આવી હતી, જેણે 17 વર્ષ પછી નક્કી કર્યુ કે સામાન્ય વરસાદની સ્થિતિમાં કાવેરી નદીના પાણીને 4 કિનારાના રાજ્યોમાં કેવી રીતે વહેંચવુ જોઈએ.
- ટ્રિબ્યુનલના નિર્ણય મુજબ ઓછા વરસાદના કિસ્સામાં પ્રમાણસર આધારનો ઉપયોગ કરવામાં આવશે. સરકારે આ નિર્ણયના છ વર્ષ બાદ વર્ષ **<u>2013</u>**માં આદેશને સૂચિત કર્યો હતો.
- આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, કારણ કે તેણે કર્ણાટકને તમિલનાડુ માટે 12,000 ક્યુસેક પાણી તાત્કાલિક છોડવાનો નિર્દેશ આપ્યો હતો. જેના કારણે રાજ્યમાં વિરોધ થયો હતો.
- આ મામલે સુપ્રીમ કોર્ટનો અંતિમ નિર્ણય વર્ષ **<u>2018</u>**માં આવ્યો હતો.
- જેમાં કોર્ટે કાવેરી નદીને <u>રાષ્ટ્રીય સંપત્તિ</u> જાહેર કરી હતી અને **<u>CWDT</u>** દ્વારા પણી વહેંચણીની અંતિમ વ્યવસ્થાને સમર્થન આપ્યુ હતું. તથા કર્ણાટકથી તમિલનાડુને પાણીની ફાળવણી પણ ઘટાડી હતી.
- સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર કર્ણાટકને **<u>284.75</u>** હજાર મિલિયન ક્યુબિક ફીટ **<u>tmcft,</u>** તમિલનાડુને **<u>404.25 tmcft,</u>** કેરળને **<u>30 tmcft</u>** અને પુડુચેરીને **<u>7 tmcft</u>** પાણી પ્રાપ્ત થશે.

- સુપ્રીમ કોર્ટે કેન્દ્રને કાવેરી મેનેજમેન્ટ યોજનાને સૂચિત કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો.
- કેન્દ્ર સરકારે જૂન 2018માં 'કાવેરી જળ વ્યવસ્થાપન યોજના' સૂચિત કરી હતી, જે અંતર્ગત કેન્દ્ર સરકારે નિર્ણયને અસરકારક બનાવવા માટે 'કાવેરી જળવ્યવસ્થાપન સત્તામંડળ' અને 'કાવેરી જળ નિયમન સમિતિ'ની રચના કરી હતી.

નોંધ : (1) કર્ણાટક સરકાર દ્વારા કાવેરી નદી પર 'મેકેદાતુ ડેમ પ્રોજેક્ટ' સ્થાપવામાં આવી રહ્યો છે.

(2) તેનો ઉદ્દેશ બેંગ્લોર શહેર માટે પીવાના પાણીનો સંગ્રહ અને પુરવઠો સુનિશ્ચિત કરવાનો છે. આ પ્રોજેક્ટ હેઠળ 400 MW વીજળી ઉત્પન્ન કરવાનો પણ પ્રસ્તાવ છે.

## કાવેરી નદી

કાવેરી નદીનું ઉદ્ગમ કર્ણાટકના કોગાહ જિલ્લાના પશ્ચિમ ઘાટની બ્રહ્મગિરિની પહાડીમાંથી થાય છે.

- કાવેરી નદીને તમિલ ભાષામાં 'પોન્ની' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કાવેરી નદીની સહાયક નદીઓમાં હેમવતી, સિમ્સા, અરકાવતી, લક્ષ્મણતીર્થ, કાબાની (કપિલા), નોય્યલ (Noyyal), અમરાવતી અને કોલીદમનો સમાવેશ થાય છે.
- પવિત્ર તીર્થ સ્થળ 'તિરુચિરાપલ્લી' કાવેરી નદીના કિનારે આવેલું છે.
- કાવેરી નદી ભારતના કર્ણાટક અને તમિલનાડુ રાજ્યમાંથી વહેતી નદી છે.
- કાવેરી નદીના મુખત્રિકોણ પ્રદેશમાં વસેલો તમિલનાડુનો તાંજોર જિલ્લો તેની ફળદ્રુપતાને કારણે કાબાની પ્રદેશનો 'દક્ષિણનો ઉદ્યાન' કહેવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં ચાલતા મહત્ત્વના જળ વિવાદો

ભારતના ઘણા રાજ્યમાં નદીઓના પાણીની વહેંચણી અંગે વિવાદો ચાલી રહ્યા છે. નીચે આપેલ કોષ્ટકમાં નદી અને જળ વિવાદ સંબંધિત રાજ્યો તથા તેનો ઉકેલ લાવવા માટે ટ્રિબ્યુનલની સ્થાપના અને તેના વર્ષ અંગેની માહિતી આપવામાં આવી છે.



| ક્રમ | નામ | સ્થાપના | સંબંધિત રાજ્ય |
|---|---|---|---|
| 1 | કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ | 1969 | મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ |
| 2 | ગોદાવરી જળ વિવાદ ટ્રિબ્યુનલ | 1969 | મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ અને ઓડિશા |
| 3 | નર્મદા જળ વિવાદ ટ્રિબ્યુનલ | 1969 | રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર |
| 4 | રાવિ અને વ્યાસ જળ વિવાદ ટ્રિબ્યુનલ | 1986 | પંજાબ, હરિયાણા, રાજસ્થાન |
| 5 | કાવેરી જળ વિવાદ ટ્રિબ્યુનલ | 1990 | કર્ણાટક, કેરળ, તમિલનાડુ, પુડુચેરી |
| 6 | કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ-2 | 2004 | મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા અને આંધ્રપ્રદેશ |
| 7 | વશંધરા જળ વિવાદ ટ્રિબ્યુનલ | 2010 | ઓડિશા, આંધ્રપ્રદેશ |
| 8 | મહાદાયી જળ વિવાદ ટ્રિબ્યુનલ | 2010 | ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટક |

નોંધ : બંધારણના <u>અનુચ્છેદ 262</u> અંતર્ગત આંતર–રાજ્ય જળ વિવાદના ન્યાયિક ઉકેલ અંગેની જોગવાઈ છે. જે અંતર્ગત;

(1) કોઈપણ આંતરરાજ્ય નદીઓ તથા નદી ખીણના પાણીના ઉપયોગ, ફાળવણી તથા નિયંત્રણ સંબંધિ કોઈપણ વિવાદનો ઉકેલ લાવવાની સત્તા સંસદને છે. (અનુચ્છેદ 262-1)

(2) આ પ્રકારના વિવાદમાં સર્વોચ્ચ ન્યાયાલય કે સંબંધિત રાજ્યોની ઉચ્ચ ન્યાયાલય પોતાની કોઈ સત્તાનો ઉપયોગ ન કરે તેવી વ્યવસ્થા સંસદ કરી શકે છે. (અનુચ્છેદ 262-2)




1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત મિશન–અર્બન' અને 'અમૃત મિશન'ના કેટલામાં તબક્કાની શરૂઆત કરી છે ?

(A) બીજા (2.0) (B) ચોથા (4.0) (C) પાંચમા (5.0) (D) છટ્ઠા (6.0) **(A)**

2. અમૃત 2.0 મિશન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ મિશન શહેરોમાં પાણીની સુરક્ષા સુનિશ્ચિત કરશે.

(B) 4700 શહેરી સ્થાનિક સંસ્થાઓમાં તમામ ઘરોને 100% પાણી પુરવઠો પુરો પાડવાના ઉદ્દેશ સાથે આ મિશન શરૂ કરવામાં આવ્યું છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

3. સ્વચ્છ ભારત મિશન – અર્બન 2.0 (SBM-U 2.0) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. SBM-U 2.0 મિશન તમામ શહેરોને 'કચરા મુક્ત' બનાવવા માંગે છે.
2. આ મિશન 3Rના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને ઘન કચરાના સ્ત્રોત વિભાજન પર ધ્યાન કેન્દ્રીત કરશે.
3. આ મિશન અંતર્ગત દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, અમદાવાદ, બેંગ્લોર અને પૂણે શહેરને 2.41 લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે.

યોગ્ય વિકલ્પ સપંદ કરો

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

4. કાવેરી જળ વિવાદ કયા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

(A) કર્ણાટક, કેરળ, તમિલનાડુ, પુડુચેરી

(B) ગોવા, મહારાષ્ટ્ર, કર્ણાટક

(C) મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક

(D) આંધ્રપ્રદેશ, કર્ણાટક, ઓડિશા, મહારાષ્ટ્ર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 4 ઓક્ટોબર, (1) વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day) (2) ઓક્ટોબર માસનો પ્રથમ સોમવાર, વિશ્વ આવાસ દિવસ

### વિશ્વ પ્રાણી દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 4 ઓક્ટોબરના રોજ પ્રાણીઓના અધિકાર અને કલ્યાણ માટે જાગૃતિ ફેલાવવા 'વિશ્વ પ્રાણી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સના પ્રાણીઓના આશ્રયદાતા સંત શ્રી ફ્રાન્સિસ એસ્સીસીની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'જળ જીવન મિશન એપ્લિકેશન' લોન્ચ કરી

તાજેતરમાં મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ 2 ઓક્ટોબરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'જળ જીવન મિશન' (JJM) મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી છે.

- આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'જળ જીવન મિશન'નો પ્રગતિ અહેવાલ અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટે 15મા નાણાં પંચના અનુદાનના ઉપયોગ અંગે માર્ગદર્શિકા પણ બહાર પાડી છે.

### જળ જીવન મિશન એપ્લિકેશન વિશે

આ મોબાઈલ એપ્લિકેશન પાણી સંબંધિત માળખાગત વિગતો, લાભાર્થીઓના ડેટા સેટ અને દરેક ગામ માટે પાણીની ગુણવત્તા અને પ્રદૂષણ સંબંધિત માહિતી આપશે.

- આ મોબાઈલ એપ્લિકેશનનો હેતુ જળ જીવન મિશન અંતર્ગત હિસ્સેદારોમાં જાગૃતિ કેળવવાનો છે તથા પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને યોજનાઓની જવાબદારીમાં સુધારો કરવાનો છે.
- જળશક્તિ મંત્રાલય દ્વારા રાજ્યોમાં નળના પાણીના જોડાણોનું કવરેજ દર્શાવવા માટે 'જળ જીવન મિશન' ડેશબોર્ડ બનાવવામાં આવ્યું છે.
- પાણીની ગુણવત્તા વ્યવસ્થાપન માહિતી પ્રયોગશાળાઓ અને રાજ્યોમાં પ્રાપ્ત અને ચકાસાયેલ પાણીના નમૂનાઓની વિગતો વગેરે ડેટા આ મોબાઈલ એપ દ્વારા એક જ જગ્યાએ ઉપલબ્ધ થશે.

### જળ જીવન મિશન

15 ઓગસ્ટ, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી 'જળ જીવન મિશન'ની જાહેરાત કરી હતી.

- ભારતમાં 'નલ સે જલ' તથા 'હર ઘર જલ'ના લક્ષ્યને પૂરું કરવા માટે 'જળ જીવન મિશન' લોન્ચ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મિશન અંતર્ગત વર્ષ 2024 સુધીમાં ભારતના તમામ પરિવારોને પાઈપ તથા નળ દ્વારા તેમના ઘરે જ પાણી મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવશે.
- આ મિશન 'જળ શક્તિ મંત્રાલય' હેઠળ આવે છે.

નોંધ : (1) જ્યારે આ મિશન શરૂ કરવામાં આવ્યું હતું ત્યારે દેશના કુલ ગ્રામીણ પરિવારોમાંથી માત્ર 17% (32.3 મિલિયન)ને નળનું પાણી ઉપલબ્ધ હતું.

(2) અત્યારે લગભગ 7.80 કરોડ (41.14%) ઘરોમાં નળનું પાણી ઉપલબ્ધ છે.

(3) ગોવા, તેલંગાણા, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને પુડુચેરીએ ગ્રામીણ વિસ્તારોમાં 100 ટકા ઘરગથ્થું જોડાણોનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે અને 'હર ઘર જલ' સુનિશ્ચિત કરવા વાળા રાજ્યો બન્યા છે.

## ભારતે 'એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ'માં બ્રોન્ઝ મેડલ જીત્યો

ભારતીય પુરુષ ટેબલ ટેનિસ ટીમે 1 ઓક્ટોબર, 2021ના રોજ 'એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ'માં બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

- ભારતીય ટીમનો સેમીફાઈનલમાં દક્ષિણ કોરિયા સામે 0-3થી પરાજય થયો હતો.
- ભારતની મેન્સ ટીમે ક્વાર્ટર ફાઈનલમાં ઈરાનને 3-1થી હરાવ્યું હતું.
- વર્ષ 2021ની 'એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ'નું આયોજન કતારના દોહા ખાતે કરવામાં આવ્યું હતું.
- આ ચેમ્પિયનશિપમાં શ્રી શરત કમલ, શ્રી અચંતા સાથિયાન ગણાનાશેખરન તથા શ્રી માનવ ઠક્કર અને હરમીત દેસાઈએ સારૂ પ્રદર્શન કર્યું હતું.
- એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ એ દ્વિવાર્ષિક ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ છે.






ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વના સૌથી મોટા ખાદીના રાષ્ટ્રીય ધ્વજનું લેહમાં અનાવરણ

વિશ્વના સૌથી મોટા રાષ્ટ્ર ધ્વજનું ઉદ્ઘાટન 2 ઓક્ટોબર, 2021ના રોજ લેહમાં કરવામાં આવ્યું હતું.

- આ રાષ્ટ્ર ધ્વજ ખાદીમાંથી બનેલો છે.
- કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી આર. કે. માથુર દ્વારા તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) દ્વારા આ 'સ્મારક ખાદી રાષ્ટ્રીય ધ્વજ' તૈયાર કરવામાં આવ્યો છે.
- આ રાષ્ટ્ર ધ્વજ અંદાજે 225 ફૂટ લાંબો અને 150 ફૂટ પહોળો છે.
- તેનું વજન લગભગ 1400 કિલો છે.
- આ રાષ્ટ્ર ધ્વજમાં અશોક ચક્ર છે તેનો વ્યાસ 30 ફૂટ છે.

નોંધ : (1) ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) એ એક વૈધાનિક સંસ્થા છે, જેની સ્થાપના એપ્રિલ 1957માં 'ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ 1956' હેઠળ કરવામાં આવી હતી.

(2) તે 'સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો' મંત્રાલય હેઠળ કામ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## MONDAY Questions

1. 'વિશ્વ પ્રાણી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ઓક્ટોબર (B) 4 ઓક્ટોબર (C) 5 ઓક્ટોબર (D) 6 ઓક્ટોબર **(B)**

2. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં 'જળ જીવન મિશન એપ્લિકેશન' લોન્ચ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ મોબાઈલ એપ્લિકેશન પાણી સંબંધિત માળખાગત વિગતો, લાભાર્થીના ડેટા સેટ અને દરેક ગામ માટે પાણીની ગુણવત્તા અને પ્રદૂષણ સંબંધિત માહિતી આપશે.

(B) આ મોબાઈલ એપ્લિકેશનનો મુખ્ય ઉદ્દેશ જાગૃતિ કેળવવા અને હિસ્સેદારોમાં વધારે પારદર્શિતા સુનિશ્ચિત કરવાનો છે.

(C) આ એપ્લિકેશનનો અન્ય ઉદ્દેશ જળ જીવન મિશન હેઠળ યોજનાઓની જવાબદારીમાં સુધારો કરવાનો છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

3. તાજેતરમાં ભારતે 'એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ'માં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. તેનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

(A) દોહા, કતાર (B) બેંગકોક, થાઈલેન્ડ

(C) જકાર્તા, ઈન્ડોનેશિયા (D) બેઈજિંગ, ચીન **(A)**

4. 2 ઓક્ટોબર, 2021ના રોજ ભારતના કયા સ્થળે વિશ્વના સૌથી મોટા ખાદીના રાષ્ટ્ર ધ્વજનું અનાવરણ કરવામાં આવ્યું છે ?

(A) લેહ (B) શ્રીનગર (C) નૈનિતાલ (D) લખનૌ **(A)**

5. વિશ્વના સૌથી મોટા રાષ્ટ્ર ધ્વજનું લેહમાં અનાવરણ થયું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ રાષ્ટ્ર ધ્વજ ખાદીમાંથી બનાવવામાં આવ્યો છે.

(B) આ રાષ્ટ્ર ધ્વજ અંદાજે 225 ફૂટ લાંબો અને 150 ફૂટ પહોળો છે.

(C) KVIC દ્વારા આ 'સ્મારક ખાદી રાષ્ટ્રીય ધ્વજ' તૈયાર કરવામાં આવ્યો છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 5 ઓક્ટોબર, વિશ્વ શિક્ષક દિવસ (World Teacher's Day)




વિશ્વ શિક્ષક દિવસ દર વર્ષે 5 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોના મહત્વ અને તેમના યોગદાનનું સન્માન કરવાનો છે.
- વર્ષ 1966માં યુનેસ્કો અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની એક બેઠક યોજાઈ હતી. જેમાં શિક્ષકોના અધિકાર, જવાબદારીઓ, રોજગાર અને વધુ શિક્ષણ સાથે માર્ગદર્શિકા બનાવવાનું કહેવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્રમાં વિશ્વ શિક્ષક દિવસને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવવા માટે વર્ષ 1994માં 100 દેશોના સમર્થન સાથે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 5 ઓક્ટોબર, 1994થી વિશ્વ શિક્ષક દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી.

નોંધ : ભારતના પ્રસિધ્ધ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વચિંતક અને રાજપુરુષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં તેમનો જન્મદીન 5 સપ્ટેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડ્રોન આધારિત રસી ડિલિવરી મોડલ : i-Drone

તાજેતરમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ડ્રોન આધારીત રસી વિતરણ મોડલ 'ડ્રોન રિસ્પોન્સ એન્ડ આઉટરીચ ઈન નોર્થ ઈસ્ટ' (i-Drone)નામથી લોન્ચ કર્યુ છે.

- ડ્રોન માનવરહિત વિમાન માટે એક સામાન્ય શબ્દ છે.
- માનવરહિત વિમાનના ત્રણ પેટા પ્રકાર છે : દૂરથી ચાલતા વિમાન, સ્વાયત્ત વિમાન અને મોડેલ વિમાન

### i-Drone વિશે

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)એ જીવન રક્ષક રસી દરેક સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે એક મોડેલ તૈયાર કર્યુ છે.

- તે ભારતના મુશ્કેલ અને દુર્ગમ વિસ્તારોમાં રસી પહોંચડવાની સુવિધા માટે રચાયેલ છે.
- હાલમાં ડ્રોન આધારિત ડિલિવરી પ્રોજેક્ટને મણિપુર અને નાગાલેન્ડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબાર ટાપુઓમાં લાગુ કરવાની મંજૂરી આપવામાં આવી છે.
- ICMRએ IIT કાનપુરના સહયોગથી ડ્રોનનો ઉપયોગ કરીને કોવિડ– 19 રસી વિતરણની શક્યતા હાથ ધરવાની મંજૂરી આપવામાં આવી હતી.

## મહત્ત્વ

તે વર્તમાન રસી વિતરણ પ્રણાલીમાં અંતરને દૂર કરવામાં મદદ કરશે અને તેનો ઉપયોગ જીવન રક્ષક દવાઓ પહોંચાડવા, લોહીના નમૂનાઓ એકત્રિત કરવા વગેરે માટે થઈ શકે છે.

- આ તકનીકનો ઉપયોગ ગંભીર પરિસ્થિતિઓમાં પણ થઈ શકે છે.
- આરોગ્ય સંભાળ વિતરણમાં આરોગ્ય પુરવઠાના પડકારોને ઉકેલવામાં આ ખાસ મુશ્કેલ વિસ્તારોમાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

## ICMR

ICMRનું પૂરું નામ 'Indian Council of Medical Research' છે.

- ICMR એ ભારતમાં બાયોમેડિકલ રિસર્ચને પ્રોત્સાહન આપવા માટે તેની રચના અને સંકલન માટેની સર્વોચ્ચ સંસ્થા છે.
- તે વિશ્વની સૌથી જૂની તબીબી સંસ્થાઓમાંની એક છે.
- આ સંસ્થાને ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- IRFA (Indian Research Fund Association) તરીકે તેની સ્થાપના 1911માં થઈ હતી.
- વર્ષ 1950માં તેનું નામ બદલીને ICMR કરવામાં આવ્યું હતું.

## રશિયાએ સબમરીનમાંથી હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું



રશિયાએ 4 ઓક્ટોબર, 2021ના રોજ પ્રથમ વખત પરમાણુ સબમરીનમાંથી હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે.

- ઝિર્કોન (Zircon) મિસાઈલ નામની આ મિસાઈલ સેવરોડવિન્સક સબમરીનથી લોન્ચ કરવામાં આવી હતી.
- ઝિર્કોને બેરેન્ટ્સ સમુદ્રમાં એક નિર્ધારિત લક્ષ્યને નષ્ટ કર્યું હતું.
- સબમરીનથી ઝિર્કોનનું આ પ્રથમ પક્ષેપણ હતું.
- ભૂતકાળમાં નૌકાદળના યુધ્ધ જહાજમાંથી મિસાઈલનું વારંવાર પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- આ મિસાઈલને વર્ષ 2022માં રશિયન નેવીમાં સામેલ કરવામાં આવશે.
- ઝિર્કોન મિસાઈલ રશિયન ક્રુઝર, ફ્રિગેટ્સ અને સબમરીને મજબૂત કરવા માટે વિકસાવવામાં આવી છે.
- તે રશિયામાં વિકસાવવામાં આવી રહેલી અનેક હાઈપરસોનિક મિસાઈલોમાંની એક છે.
- ઝિર્કોન મિસાઈલ અવાજની ઝડપ કરતા 9 ગણી ઝડપથી ઉડાન ભરવાની ક્ષમતા ધરાવે છે. તેની રેન્જ 1000 કિમીની છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલના અભિનેતા શ્રી ઘનશ્યામ નાયક (નટુકાકા)નું નિધન

ગુજરાતી રંગભૂમિના પીઢ કલાકાર શ્રી ઘનશ્યામ નાયકનું તાજેતરમાં 77 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી ઘનશ્યામભાઈ નાયકને કેન્સરની બિમારી હતી. તેમણે એક વર્ષ પહેલા ગળાના કેન્સરનું ઓપરેશન કરાવ્યું હતું.
- તેમણે અનેક સિરિયલો અને ફિલ્મોમાં અભિનય કર્યો હતો.

## શ્રી ઘનશ્યામ નાયક

શ્રી ઘનશ્યામ નાયકનો જન્મ 12 મે, 1945ના રોજ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના ઊંઢાઈ ગામમાં થયો હતો.

- તેમનું પૂરું નામ 'શ્રી ઘનશ્યામ પ્રભાકર નાયક' હતું.
- તેમણે બાળપણમાં ભવાઈમાં સ્ત્રીપાત્ર ભજવ્યું હતું અને ત્યારબાદ મુંબઈ જઈ રામલીલામાં બાળ કલાકાર તરીકે કામ શરૂ કર્યું હતું.
- તેઓએ 200 થી વધુ હિન્દી અને ગુજરાતી ફિલ્મમાં કામ કર્યુ હતું. આ ઉપરાંત અનેક હિન્દી સિરિયલમાં પણ કામ કર્યુ છે.
- તેમણે ગુજરાતી ફિલ્મમાં સૌપ્રથમ વર્ષ 1968માં આવેલી ફિલ્મ 'હસ્તમેળાપ'માં અભિનય કર્યો હતો.
- તેમણે અનેક ગુજરાતી સ્ટેજ નાટકોમાં પણ અભિનય કર્યો હતો.
- તેમણે બાળ કલાકાર તરીકેની કારકિર્દીની શરૂઆત વર્ષ 1960ની ફિલ્મ 'માસુમ'થી કરી હતી.
- ત્યારબાદ તેમણે 'લજ્જા', 'હમ દિલ દે ચૂકે સનમ', 'ચાઈના ગેટ', જેવી ફિલ્મમાં પણ અભિનય કર્યો છે.
- જોકે, તેમને ખરી ઓળખ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'થી મળી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નટુકાકા

શ્રી ઘનશ્યામ નાયક 'નટુકાકા'ના નામથી જ ઓળખાય છે.

- પ્રસિધ્ધ ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં તેમણે 'નટુકાકા'નું પાત્ર ભજવ્યું છે.
- જેમાં નટવરલાલ પ્રભાશંકર ઊંઢાઈવાલાના નામથી પાત્ર ભજવતા હતા જે ટૂંકમાં 'નટુકાકા' થી ઓળખાતા હતા.

## ટેલિવિઝન ક્ષેત્રે

શ્રી ઘનશ્યામભાઈ નાયકે મણીમટકું (ગુજરાતી), એક મહેલ હો સપનોકા, સારથી, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા વગેરે સિરિયલમાં અભિનય કર્યો છે.

## હિન્દી ફિલ્મ

શ્રી ઘનશ્યામભાઈ નાયકે નીચે મુજબની કેટલીક મહત્વની ફિલ્મમાં અભિનય કર્યો છે.

| વર્ષ | ફિલ્મ | પાત્ર |
|---|---|---|
| 1960 | માસુમ | બાળ કલાકાર |
| 1974 | બાળક ધ્રુવ | આશ્રમ શિષ્ય |
| 1992 | બેટા | હવાલદાર |
| 1994 | લાડલા | હવાલદાર |
| 1994 | ક્રાંતિવીર | કલ્યાણજીભાઈ |
| 1994 | ઈના મીના ડિકા | ભિક્ષુક |
| 1995 | આંદોલન | પ્રોફેસર |
| 1995 | બરસાત | – |
| 1996 | માફિયા | હવાલદાર |
| 1996 | ચાહત | દર્દી |
| 1996 | ઘાતક | હોસ્પિટલ રિસેપ્શનિસ્ટ |
| 1997 | ઈશ્ક | ઈન્સ્પેક્ટર |
| 1998 | ચાઈના ગેટ | મેનેજર |
| 1999 | કચ્ચે ધાગે | ઈન્સ્પેક્ટર |
| 1999 | હમ દિલ દે ચૂકે સનમ | વિઠ્ઠલ કાકા |
| 2001 | લજ્જા | ટિકુ |
| 2003 | તેરે નામ | ચંદુ ચા વાળા |
| 2004 | ખાકી | દરજી |
| 2009 | ઢુંઢતે રહ જાઓગે | પંડિતજી |
| 2010 | હલ્લો! હમ લલન બોલ રહે હે | નોકર |



INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ શિક્ષક દિવસ'ની ઉજવણી કયા દિવસે ઉજવાય છે ?

(A) 3 ઓક્ટોબર (B) 4 ઓક્ટોબર (C) 5 ઓક્ટોબર (D) 6 ઓક્ટોબર (C)

2. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 5 નવેમ્બર (D) 5 ડિસેમ્બર (A)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'i-Drone' શું છે ?

(A) ભારતીય સૈન્યની એક મિસાઈલ (B) ભારતીય વાયુસેનાનું એક હેલિકોપ્ટર

(C) ડ્રોન આધારિત રસી ડિલિવરી માટેનું મોડલ (D) ડ્રોન સંબંધિત જાણકારી આપતી એપ્લિકેશન (C)

4. તાજેતરમાં કયા દેશે 'ઝિકોર્ન' (Zircon)નામની મિસાઈલ સબમરીનમાંથી લોન્ચ કરી પરીક્ષણ કર્યુ હતું ?

(A) ફ્રાન્સ (B) રશિયા (C) અમેરિકા (D) ચીન (B)

5. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલના અભિનેતા શ્રી ઘનશ્યામભાઈ નાયક (નટુકાકા)નું નિધન થયું છે. તેમનું પૂરું નામ જણાવો.

(A) શ્રી ઘનશ્યામભાઈ પ્રભાકર નાયક (B) શ્રી ઘનશ્યામભાઈ સારાભાઈ નાયક

(C) શ્રી ઘનશ્યામભાઈ પ્રભાસભાઈ નાયક (D) શ્રી ઘનશ્યામભાઈ ઉમાશંકરભાઈ નાયક (A)

6. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલના અભિનેતા શ્રી ઘનશ્યામભાઈ નાયક (નટુકાકા)નો જન્મ કયા થયો હતો ?

(A) ઊંઢાઈ, વડનગર (B) બાદલપુર, વડનગર

(C) સુલીપુર, વડનગર (D) સરના, વડનગર (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વીજ કરંટને કારણે હાથીઓના મૃત્યુને રોકવા માટે ઓડિશા સરકારની પહેલ

ઓડિશા સરકારે વિતરણ કંપનીઓને પાવર નેટવર્કની ગ્રાઉન્ડ ક્લિયરન્સ વધારવા તથા હાથિ કોરિડોર અને તેમના અવર–જવર વિસ્તારોમાં વાયરની ફેરબદલી માટે 445.75 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

- આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ઈલેક્ટ્રિક આંચકાને કારણે હાથીઓના મૃત્યુને અટકાવવાનો છે.
- ઓડિશા રાજ્યના ઉર્જા વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં 79000 ઈન્ટરપોઝિંગ પોલ લગાવવામાં આવ્યા છે. અને 2,300થી વધુ સર્કિટ કંડકટરને આવરી લેવામાં આવ્યા છે.
- હાથીઓના સંરક્ષણ પર કામ કરતુ પર્યાવરણીય દબાણ જૂથ 'વાઈલ્ડ લાઈફ સોસાયટી ઓફ ઓડિશા' (WSO) અનુસાર એપ્રિલ 2010થી ઓગસ્ટ 2021 વચ્ચે લગભગ 862 હાથીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે.
- તેમાંથી મોટા ભાગના હાથીના મૃત્યુ ઈલેક્ટ્રિક શોકના કારણે થયા હતા.

## પેન્ડોરા પેપર્સ લીક (Pandora Papers Leak)

International Consortium of Investigation Journalism (ICIJ)માં વિદેશમાં રોકાયેલા નાણાં સંબંધિત લાખો દસ્તાવેજો લીક થયા બાદ 'પેન્ડોરા પેપર્સ' હેડલાઈન્સમાં આવ્યા છે.

- પેન્ડોરા પેપર્સ લીકમાં 300થી વધુ ભારતીયોના નામ સામે આવ્યા છે.

### પેન્ડોરા પેપર લીક શું છે ?




પેન્ડોરા પેપર્સ લીક (Pandora Papers Leak) લગભગ 12 મિલિયન દસ્તાવેજો દિવસ–રાત તપાસ્યા બાદ તે વિશ્વભરમાં ચાલી રહેલા નાણાંકીય વ્યવહારો અને ગેરરીતિ વિશે મોટો ખુલાસો કરે છે.

- આ એક લીક છે જે છુપાયેલી સંપત્તિ, કરચોરી પદ્ધતિઓ, વિશ્વના કેટલાક સમૃદ્ધ અને શક્તિશાળી લોકો દ્વારા મની લોન્ડરીંગને સામે લાવે છે.
- 117 જેટલા દેશોના 600થી વધુ પત્રકારો અને 140 મીડિયા સંગઠનોએ કેટલાક મહિનાઓ સુધી સતત કામ કર્યુ અને 14 જુદા જુદા સ્ત્રોતોમાંથી દસ્તાવેજોની તપાસ કરતી વખતે તમામ ખુલાસા કર્યા છે.
- 'પેન્ડોરા પેપર્સ લીક' બતાવે છે કે ટ્રસ્ટનો ઉપયોગ બિઝનેસ પરિવારો અને અમીર ધનિકો દ્વારા ઓફશોર કંપનીઓ સાથે રોકાણ અને અન્ય સંપત્તિઓ રાખવા માટે કરવામાં આવે છે.
- આ લીક વર્ણવે છે કે કેવી રીતે શ્રીમંતોએ અધિકારક્ષેત્રોમાં સંપત્તિ પ્લાનિંગ માટે જટિલ બહુસ્તરીય ટ્રસ્ટ સ્ટ્રકચરની સ્થાપના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# અન્ય પેપર્સ લીક

## 2016 પનામા પેપર્સ લીક

પનામા પેપર્સ અત્યાર સુધીનું સૌથી મહત્વનું લીક છે.

- તેમાં 2.6 ટેરાબાઈટ ડેટાનો સમાવેશ થાય છે જે એક કાનૂની ફર્મ મોસૈક ફોન્સેકાથી લીક થયું હતું.

## પેરેડાઈઝ પેપર્સ લીક

પેરેડાઈઝ પેપર્સ ઓફશોર પ્રોવાઈડર એપલબી પાસેથી લીક થયા હતા.

- જેમાં 1.4 ટેરાબાઈટ લીક થયેલા ડેટાનો સમાવેશ થાય છે.

## ટ્રસ્ટ એટલે શું ?

ટ્રસ્ટ એક વિશ્વાસુ વ્યવસ્થા તરીકે વર્ણવી શકાય છે, જ્યાં ટ્રસ્ટી તરીકે ઓળખાતા તૃતીય પક્ષ વ્યક્તિઓ અથવા સંસ્થાઓ વતી સંપત્તિ ધરાવે છે.

- ટ્રસ્ટ એક અલગ કાનૂની એન્ટિટી નથી, પરંતુ તેની કાનૂની પ્રકૃતિ ટ્રસ્ટીમાં રહેલી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે વીજ કરંટના કારણે થતા હાથીઓના મૃત્યુને રોકવા માટે પહેલ શરૂ કરી છે ?

(A) તેલંગાણા (B) ઓડિશા (C) મહારાષ્ટ્ર (D) આસામ **(B)**

2. ઓડિશા સરકારે વીજ કરંટને કારણે હાથીઓના મૃત્યુને રોકવા માટે તથા હાથી કોરિડર અને તેમના અવર–જવર વિસ્તારોમાં વાયરની ફેરબદલી માટે કેટલા કરોડ રૂપિયા ફાળવ્યા છે.

(A) 445.75 કરોડ (B) 641.47 કરોડ (C) 223.22 કરોડ (D) 690.91 કરોડ **(A)**

3. તાજેતરમાં ICIJમાં વિદેશમાં રોકાયેલા નાણાં સંબંધિત 'પેન્ડોરા પેપર્સ લીક' હેડલાઈન્સમાં રહ્યું છે. ICIJનું પૂરું નામ જણાવો.

(A) International Consortium of Investigation Journalism

(B) India Consortium of Investigation Journalism

(C) International Court of Investigation Journalism

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં પેન્ડોરા પેપર લીક ચર્ચામાં રહ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પેન્ડોરા પેપર્સ લીક વિશ્વભરમાં ચાલી રહેલા નાણાકીય વ્યવહારો અને ગેરરીતી વિશે મોટો ખૂલાસો કરે છે.

2. પેન્ડોરા પેપર્સ દ્વારા છુપાયેલી સંપત્તિ, કરચોરી પધ્ધતિઓ તથા વિશ્વના કેટલાક સમૃધ્ધ અને શક્તિશાળી લોકો દ્વારા મની લોન્ડરીંગને સામે લાવવામાં આવ્યું છે.

3. આ પેપર્સ લીકમાં ભારત, ચીન, બાંગ્લાદેશ અને જાપાનના શ્રીમંત લોકોનું વિદેશમાં થયેલ રોકાણ અને સંપત્તિની માહિતી આપવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2 **(B)**

## દિવસ મહિમા : 7 ઓક્ટોબર, વિશ્વ કપાસ દિવસ

## કેન્દ્ર સરકારે 7 'પીએમ મિત્ર પાર્ક' (PM MITRA Parks)ને મંજૂરી આપી

કેન્દ્રીય કેબિનેટે 6 ઓક્ટોબર, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનની પૂર્તિ માટે 7 PM મિત્ર પાર્કની સ્થાપનાને મંજૂરી આપી છે.

- પીએમ મિત્ર પાર્કની સ્થાપના 5 વર્ષમાં 4,445 કરોડના ખર્ચ સાથે કરવામાં આવશે.
- આવા પાર્ક સ્થાપવાની જાહેરાત કેન્દ્રીય બજેટ 2021-22માં કરવામાં આવી હતી.

### પીએમ મિત્ર પાર્ક (PM MITRA Parks)

PM MITRA પાર્કનું પૂરું નામ 'Mega Integrated Textile Region and Apparel' પાર્ક થાય છે.


- અર્થતંત્રમાં કાપડ ક્ષેત્રના વિકાસને આગળ વધારવા અને વૈશ્વિક કાપડના નકશા પર ભારતને મજબૂત સ્થાન આપવા માટે આ ટેક્સટાઈલ પાર્કની સ્થાપનાને મંજૂરી આપી છે.
- આ પાર્ક વિવિધ રાજ્યોમાં ગ્રીનફિલ્ડ અથવા બ્રાઉનફિલ્ડ સાઈટ્સ પર સ્થાપવામાં આવશે.
- આ પાર્કની સ્થાપનાથી બેરોજગારોને 7 લાખ પ્રત્યક્ષ રોજગર તેમજ 14 લાખ પરોક્ષ રોજગારનો લાભ મળશે.
- અત્યાર સુધીમાં 10 રાજ્યોએ પંજાબ, ઓડિશા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, આસામ, ગુજરાત, રાજસ્થાન, તેલંગાણા, કર્ણાટક અને મધ્યપ્રદેશમાં પીએમ મિત્ર પાર્ક સ્થાપવામાં રસ દાખવ્યો છે.
- દરેક મિત્ર પાર્કમાં ઈન્ક્યુબેશન સેન્ટર, કોમન પ્રોસેસિંગ હાઉસ અને કોમન એફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ડિઝાઈન સેન્ટર અને ટેસ્ટિંગ સેન્ટર જેવી અન્ય કાપડ સુવિધા હશે.

### ધિરાણ

ગ્રીનફિલ્ડ પીએમ મિત્ર પાર્કને રૂ. 500 કરોડની મહત્તમ વિકાસ મૂડી સહાય પૂરી પાડવામાં આવશે.

- જ્યારે સામાન્ય માળખાકીય સુવિધા વિકસાવવા માટે રૂ. 200 કરોડ બ્રાઉનફિલ્ડ પીએમ મિત્ર પાર્કને આપવામાં આવશે.

નોંધ : ગ્રીનફિલ્ડ એ એક સંપૂર્ણપણે નવા પ્રોજેક્ટનો ઉલ્લેખ કરે છે, જે શૂન્ય સ્તરથી લેવામાં આવે છે. જ્યારે બ્રાઉનફિલ્ડ પ્રોજેક્ટ તે છે જેના પર કામ શરૂ થઈ ચૂક્યું છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રોત્સાહનો માટે પાત્રતા

આ દરેક પાર્કમાં કાપડ ઉત્પાદન એકમોની પ્રારંભિક સ્થાપના માટે સ્પર્ધાત્મકતા પ્રોત્સાહન સહાયરૂપે વધારાના 300 કરોડ રૂપિયા આપવામાં આવશે.

- ઓછામાં ઓછા 100 લોકોને રોજગારી આપતા ‘એન્કર પ્લાન્ટ્સ’ સ્થાપનારા રોકાણકારો ત્રણ વર્ષ માટે વાર્ષિક 10 કરોડ રૂપિયા સુધીના પ્રોત્સાહનો માટે પાત્ર રહેશે.

## PM નું 5F વિઝન

PM MITRA પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 5F વિઝનથી પ્રેરિત છે : "Farm to Fiber; Fiber to Factory; Factory to Fashion; and Fashion to Foreign"

# ભારત-જાપાન સમુદ્રી દ્વિપક્ષીય અભ્યાસ -2021 (JIMEX- 2021)

‘ભારત–જાપાન સમુદ્રી દ્વિપક્ષીય અભ્યાસ’ (JIMEX)ની પાંચમી આવૃત્તિ 6 થી 8 ઓક્ટોબર દરમિયાન અરબી સમુદ્રમાં યોજાઈ હતી.

- JIMEX કવાયત અથવા અભ્યાસની છેલ્લી આવૃત્તિ સપ્ટેમ્બર 2020માં હાથ ધરવામાં આવી હતી.
- આ સમુદ્રી અભ્યાસ ભારતીય નૌકાદળ અને જાપાની મેરીટાઈમ સેલ્ફ–ડિફેન્સ ફોર્સ (JMSDF) વચ્ચે હાથ ધરવામાં આવે છે.
- JIMEX-21 ઓપરેશનલ પ્રક્રિયાઓની સામાન્ય સમજ વિકસાવવા અને દરિયાઈ કામગીરીને સમગ્ર સ્પેક્ટ્રમ પર અદ્યતન કવાયત કરીને આંતર–કાર્યક્ષમતા વધારવાના હેતુથી હાથ ધરવામાં આવી છે.
- નોંધનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત અને જાપાન વચ્ચે સૈન્ય સહયોગ નોંધપાત્ર રીતે વધ્યો છે.
- ભારત અને જાપાને જાન્યુઆરી, 2021માં દરિયાઈ સુરક્ષા સહકાર પર ધ્યાન કેન્દ્રીત કરીને 'JIMEX' શ્રેણી શરૂ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# WHOએ વિશ્વની પ્રથમ મેલેરિયા રસીને મંજૂરી આપી

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ તાજેતરમાં 'RTS,S/ AS01' નામની મેલેરિયાની રસીને મંજૂરી આપી છે.

## રસી વિશે

RTS, S/AS01 એ મચ્છરજન્ય રોગ સામે વિશ્વની પ્રથમ રસી છે.

- આ રસીનું વ્યાપારી નામ 'Mosquirix'(મોસ્કવીરીક્સ) છે.
- કેન્યા, ઘાના અને મલાવી જેવા દેશોમાં 2019થી તૈનાત એક પાયલોટ પ્રોગ્રામની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જ્યાં રસીના 20 લાખ ડોઝ આપવામાં આવ્યા હતા.

- નાના બાળકોને આંશિક સુરક્ષા પૂરી પાડતી આ પ્રથમ અને એકમાત્ર રસી છે.
- તે વર્ષ 1987માં બ્રિટીશ ફાર્માસ્યુટિકલ ઉત્પાદક 'ગ્લેક્સોસ્મિથક્લાઈન' દ્વારા વિકસાવવામાં આવી હતી.
- આ રસી પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ સામે કામ કરે છે, જે પાંચ મેલેરિયા પરોપજીવીઓમાંથી એક છે અને તે તમામમાં સૌથી ઘાતક છે.
- તે હિપેટાઈસ બી વાયરસથી યકૃતના ચેપ સામે રક્ષણ કરવામાં પણ મદદ કરે છે.

## ક્ષમતા

બાળકોમાં મેલેરિયાના ગંભીર કેસોને રોકવામાં રસીની અસરકારકતા લગભગ 30% છે, પરંતુ તે એકમાત્ર માન્ય રસી છે.

- યુરોપિયન યુનિયનના ડ્રગ રેગ્યુલેટરએ વર્ષ 2015માં તેને મંજૂરી આપી હતી અને જણાવ્યું હતું કે તેના લાભો જોખમો કરતા વધારે છે.
- તેની આડ અસરો દુર્લભ છે, પરંતુ તેમા કેટલીક વાર તાવનો સમાવેશ થાય છે જે અસ્થાયી આંચકીમાં પણ પરિણામી શકે છે.

## રસીની માત્રા

WHOના જણાવ્યા અનુસાર ઉપ–સહારા આફ્રિકા અને મધ્યમથી ઉચ્ચ મેલેરિયા ટ્રાન્સમિશનવાળા અન્ય વિસ્તાોરમાં બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને 4 ડોઝ મળવા જોઈએ.

## મેલેરિયાથી મૃત્યુ

વર્ષ 2019માં વિશ્વભરમાં મેલેરિયાના અંદાજિત 229 મિલિયન કેસ હતા અને તે વર્ષે મેલેરિયાથી અંદાજે 4,09,000 મૃત્યુ થયા હતા.

- 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકો 2019માં મેલેરિયાથી પ્રભાવિત સૌથી સંવેદનશીલ જૂથ હતા, જે વિશ્વભરમાં મેલેરિયાના મૃત્યુમાં 67 ટકા (2,74,000) છે.
- WHOના જણાવ્યા અનુસાર ભારતમાં વર્ષ 2020માં મેલેરિયાના અંદાજે 5.6 મિલિયનથી વધુ કેસ હતા જ્યારે વર્ષ 2019માં લગભગ 20 મિલિયન કેસો હતા.



1. 'વિશ્વ કપાસ દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર — (A)

2. તાજેતરમાં કેન્દ્ર સરકારે કેટલા 'પીએમ મિત્ર પાર્ક' (PM MITRA Parks) સ્થાપવાની મંજૂરી આપી છે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 9 — (C)

3. 'પીએમ મિત્ર પાર્ક' (PM MITRA Parks) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પીએમ મિત્ર પાર્કની સ્થાપના 5 વર્ષમાં 4,445 કરોડના ખર્ચ સાથે કરવામાં આવશે.

2. અર્થતંત્રમાં કાપડ ક્ષેત્રના વિકાસને આગળ વધારવા અને વૈશ્વિક કાપડના નકશા પર ભારતને મજબૂત સ્થાન આપવા માટે 7 ટેક્સટાઈલ પાર્કની સ્થાપનાની કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે.

3. ગ્રીનફિલ્ડ પીએમ મિત્ર પાર્કને રૂ. 500 કરોડની મહત્તમ વિકાસ મૂડી સહાય પૂરી પાડવામાં આવશે.

4. જ્યારે સામાન્ય માળખાકીય સુવિધા વિકસાવવા માટે રૂ. 200 કરોડ બ્રાઉનફિલ્ડ પીએમ મિત્ર પાર્કને આપવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1,2 અને 3 (D) 1, 2, 3 અને 4 — (D)

4. JIMEX કયા બે દેશ વચ્ચે યોજાતી સમુદ્રી કવાયત છે ?

(A) ભારત–ઈન્ડોનેશિયા (B) ભારત– જાપાન (C) ભારત–ઓસ્ટ્રેલિયા (D) ભારત–રશિયા — (B)

5. તાજેતરમાં ભારત અને જાપાન વચ્ચે યોજાયેલ 'JIMEX- 2021' સમુદ્રી અભ્યાસની કેટલામી આવૃત્તિ યોજવામાં આવી હતી ?

(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી — (D)

6. તાજેતરમાં WHOએ 'RTS, S/AS01' નામની મેલેરિયાની રસીને મંજૂરી આપી છે. તેનું વ્યાપારી નામ જણાવો ?

(A) Mosquirix (B) Tresivac (C) Monovalent (D) Nasovac — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 8 ઓક્ટોબર, ભારતીય વાયુસેના દિન

ભારતીય વાયુસેના (Air Force)ની સ્થાપના 8 ઓક્ટોબર, 1932ના રોજ થઈ હતી.

- આથી, ભારતમાં દર વર્ષે 8 ઓક્ટોબરના રોજ 'ભારતીય વાયુસેના દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત 8 ઓક્ટોબર, 2021ના રોજ વાયુસેનાના 89માં સ્થાપના દિન નિમિત્તે ભારતમાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં આવેલા હિંડન એરબેઝ પર એરફોર્સ ડે પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારતીય વાયુસેના આઝાદી પહેલા 'રોયલ ઈન્ડિયન એરફોર્સ' તરીકે જાણીતું હતું.

નોંધ : (1) ભારતીય વાયુસેનાનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

(2) હિંડન એરબેઝ એશિયાનું સૌથી મોટું અને વિશ્વનું 8મા નંબરનું સૌથી મોટુ એરબેઝ છે.

## 'વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ'માં સુશ્રી અંશુ મલિકે સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો




6 ઓક્ટોબર, 2021ના રોજ સુશ્રી અંશુ મલિક 2021 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા કુસ્તિબાજ બન્યા છે.

- સુશ્રી અંશુ મલિકનો 57 કિલોગ્રામ વેઈટ કેટેગરીની ફાઈનલમાં સુશ્રી હેલન મારોયુલિસ સામે પરાજય થયો હતો.
- સુશ્રી અંશુ મલિકનો જન્મ હરિયાણા રાજ્યના જીંદ જિલ્લામાં થયો હતો.
- તે ભારતના ફ્રિ સ્ટાઈલ કુસ્તિબાજ છે.
- સુશ્રી અંશુ મલિકના અગાઉના મેડલ રેકોર્ડ આ મુજબ છે :

(1) વર્ષ 2017માં તેમણે વર્લ્ડ કેડેટ ચેમ્પિયનશિપની 60 કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

(2) વર્ષ 2020માં નવી દિલ્હીમાં યોજાયેલી '2020 એશિયન કુસ્તી ચેમ્પિયનશિપ'ના 57 કિગ્રા કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

(3) વર્ષ 2020માં વ્યક્તિગત કુસ્તી વર્લ્ડ કપ, સર્બિયામાં મહિલાની 57 કિગ્રા સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો.

(4) આ ઉપરાંત એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2021માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રીય માર્ગ સલામતી બોર્ડ (National Road Safety Board)

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તાજેતરમાં 'રાષ્ટ્રીય માર્ગ સલામતી બોર્ડ' (નેશનલ રોડ સેફટી બોર્ડ)ની સ્થાપના માટે જાહેરનામુ બહાર પાડ્યું છે.

- નેશનલ રોડ સેફટી બોર્ડ ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને નવી ટેક્નોલોજી અપનાવવા માટે જવાબદાર રહેશે.
- તે ટ્રાફિક અને મોટર વાહનોનું નિયમન પણ કરશે.

- આ જાહેરનામામાં રચનાની જોગવાઈઓ, બોર્ડના ચેરમેન અને સભ્યો માટેની લાયકાત, પદની મુદત, પંસદગી પ્રક્રિયા, બોર્ડની સત્તાઓ અને કાર્યો, રાજીનામુ અને દૂર કરવાની પ્રક્રિયા, બોર્ડની બેઠક વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## બોર્ડનું મુખ્ય મથક

રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી બોર્ડની મુખ્ય કચેરી સ્થાપવામાં આવશે.

- આ ઉપરાંત બોર્ડ ભારતમાં અન્ય સ્થળે પણ ઓફિસો સ્થાપી શકે છે.

## બોર્ડના સભ્યો

બોર્ડના સભ્યોમાં રોડ સેફટી બોર્ડ ચેરમેનનો સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત તેમાં 3 થી 7 અન્ય સભ્યો હશે.

- તમામ સભ્યોની નિમણૂક કેન્દ્ર સરકાર કરશે.

## બોર્ડના કાર્યો

- નેશનલ રોડ સેફટી બોર્ડના કાર્યો નીચે મુજબ દર્શાવ્યા છે :

(a) બોર્ડ માર્ગ સલામતી, નવીનતાને પ્રોત્સાહન આપવા અને નવી ટેક્નોલોજી અપનાવવા માટે જવાબદાર રહેશે.

(b) તે ટ્રાફિક અને મોટર વાહનોનું નિયમન પણ કરશે.

(c) ટ્રાફિક અને મોટર વાહનોનું નિયમન કરવા માટે બોર્ડ આ મુજબ તૈયાર કરશે :

(i) પર્વતીય વિસ્તારોમાં ટ્રફિક મેનેજમેન્ટ, રોડ સેફટી અને રોડ કન્સ્ટ્રક્શન માટેના ચોક્કસ ધોરણો.

(ii) હાઈવે ઓથોરિટીઝ, ટ્રફિક પોલીસ, હોસ્પિટલ ઓથોરિટીઝ, શૈક્ષણિક સંશોધન સંસ્થાઓ વગેરે માટે ક્ષમતા નિર્માણ અને કૌશલ્ય વિકાસ માટે માર્ગદર્શિકા.

(iii) ટ્રોમા સુવિધાઓ અને પેરા–મેડિકલ સુવિધાઓની સ્થાપના અને સંચાલન માટે માર્ગદર્શિકા.

(d) આ બોર્ડ કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સત્તાવાળાઓને માર્ગ સલામતિ ટ્રાફિક વ્યવસ્થાપન અંગે તકનીકી સલાહ અને સહાય પણ આપશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# શ્રી અરવિંદ ત્રિવેદીનું નિધન

રામાયણ સિરિયલમાં રાવણની ભૂમિકા ભજવનાર શ્રી અરવિંદ ત્રિવેદીનું 82 વર્ષની વયે નિધન થયું છે.

## શ્રી અરવિંદ ત્રિવેદી



શ્રી અરવિંદ ત્રિવેદીનો જન્મ 8 નવેમ્બર, 1938ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે થયો હતો.

- શ્રી અરવિંદ ત્રિવેદી ગુજરાતી ફિલ્મના જાણીતા અભિનેતા હતા.
- તેમણે મુખ્ય નાયક, ખલનાયક અને સહાયક અભિનેતા તરીકે ફિલ્મમાં કામ કર્યુ છે.

- તેમણે સંતુ રંગલી, કુવરબાઈનું મામેરૂ, જેસલ–તોરલ, દેશ રે જોયા દાદા પરદેશ જોયા વગેરે જેવી અનેક ગુજરાતી ફિલ્મમાં અભિનય કર્યો છે.
- આ ઉપરાંત 'પરાયા ધન', 'આજ કી તાજા ખબર' જેવી હિન્દી ફિલ્મમાં પણ અભિનય કર્યો છે.
- શ્રી રામાનંદ સાગરની સિરિયલ રામાયણમાં તેમણે રાવણનું પાત્ર ભજવ્યું હતું અને અહીંથી તેઓ પ્રસિધ્ધ થયા હતા.
- વર્ષ 1991માં સાબરકાંઠા જિલ્લામાંથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા અને 1996 સુધી આ પદ પર રહ્યા હતા.

## શ્રી અરવિંદ ત્રિવેદીની કેટલીક મહત્વની ફિલ્મ

| વર્ષ | ફિલ્મ | ભૂમિકા | ભાષા |
|---|---|---|---|
| 1971 | પરાયાધન | – | હિન્દી |
| 1971 | જેસલ–તોરલ | જેસલ | ગુજરાતી |
| 1972 | જંગલ મે મંગલ | – | હિન્દી |
| 1973 | આજ કી તાજા ખબર | ઈન્સ્પેક્ટર | હિન્દી |
| 1974 | કુવંરબાઈનું મામેરૂ | નરસિંહ મહેતા | ગુજરાતી |
| 1974 | ત્રિમૂર્તિ | બલરામ | હિન્દી |
| 1975 | જોગીદાસ ખુમાણ | – | ગુજરાતી |
| 1975 | શેતલ ને કાંઠે | – | ગુજરાતી |
| 1977 | પૈસો બોલે છે | – | ગુજરાતી |
| 1980 | મણિયારો | – | ગુજરાતી |
| 1989 | સતી તોરલ | – | ગુજરાતી |
| 1989 | દાદા ને વહાલી દીકરી | – | ગુજરાતી |
| 1998 | દેશ રે જોયા દાદા પરદેશ જોયા | દાદાજી | ગુજરાતી |
| 1985 | વીર માંગડાવાળો | – | ગુજરાતી |

## મહત્વની ટીવી સિરિયલ

| વર્ષ | સિરિયલ | ભૂમિકા |
|---|---|---|
| 1985 | વિક્રમ ઓર બેતાલ | યોગી |
| 1987 | રામાયણ | રાવણ |
| 1989 | વિશ્વમિત્ર | – |

## જળ વ્યવસ્થાપન માટે 'હેલી-બોર્ન સર્વે ટેક્નોલોજી'

કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે 5 ઓક્ટોબર, 2021ના રોજ અદ્યતન 'હેલી–બોર્ન સર્વે ટેક્નોલોજી' (Heli-Borne Survey Technology) લોન્ચ કરી છે.

- ભૂગર્ભજળ વ્યવસ્થાપન માટે હેલી સર્વે ટેક્નોલોજી રજૂ કરવામાં આવી હતી.
- પ્રથમ તબક્કામાં રાજસ્થાન, પંજાબ, ગુજરાત અને હરિયાણા રાજ્યોમાં હેલી બોર્ન સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે.
- આ સર્વે રાજસ્થાનના જોધપુર ખાતેથી 5 ઓક્ટોબરના રોજ શરૂ કરવામાં આવ્યો હતો.

### હેલી સર્વે ટેક્નોલોજી

આ ટેક્નોલોજી CSIR- NGRI હૈદરાબાદ દ્વારા વિકસાવવામાં આવી છે.

- આ અત્યાધુનિક 'હેલી સર્વે ટેક્નોલોજી'નો ઉપયોગ શુષ્ક વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્ત્રોતોને મેપ કરવા માટે કરવામાં આવશે.
- આ સર્વે પીવાના પાણી હેતુઓ માટે ભુગર્ભ જળનો ઉપયોગ કરવામાં મદદ કરશે.
- હેલી બોર્ન ભૂ–ભૌતિક મેપિંગ તકનીક (Heli- Borne Geophysical Mapping Technique) જમીનની સપાટીથી 500 મીટરની ઉંડાઈ સુધી ઉપ–સપાટી માટે ઉચ્ચ–રીઝોલ્યુશન 3D ઈમેજ પ્રદાન કરશે.

નોંધ : CSIR- NGRIનું પૂરું નામ 'Council of Scienfic and Industrial Research'- 'National Geophysical Research Institute' છે.

### ઉદ્દેશ

આ પ્રોજેક્ટ ભારતના દુર્લભ શુષ્ક વિસ્તારોમાં લોકોને સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવા માટે સંભવિત ભુગર્ભજળ સ્ત્રોતો અને તેના સંચાલનને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યો છે.

### પ્રોજેક્ટના બે તબક્કાઓ

આ સર્વે બે તબક્કામાં કરવામાં આવશે.

- જેમાંથી પ્રથમ તબક્કામાં 1 લાખ ચોરસ કિલોમીટરનો વિસ્તાર છે.
- તેમાં રાજસ્થાનમાં 65,000 ચોરસ કિમી, ગુજરાતમાં 3200 ચોરસ કિમી અને હરિયાણામાં 2500 ચોરસ કિમીનો સમાવેશ થાય છે.
- તે જળ શક્તિ મંત્રાલયના સહયોગથી 'નેશનલ એક્વિફર મેપિંગ પ્રોજેક્ટ'ના ભાગરૂપે અમલમાં મૂકવામાં આવનાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્વ

તે પાણીની અછતવાળા વિસ્તારોમાં પાણીના સ્તરને સુધારવા માટે નવી યોજનાઓ ઘડવામાં મદદ કરશે.

- સ્ત્રોતની શોધથી લઈને જળ શુધ્ધિકરણ સુધી, CSIRની જળ તકનીકો 'હર ઘર હલ સે જલ' યોજના તેમજ 'ખેડૂતોની આવકનું લક્ષ્ય બમણું' કરવા માટે સકારાત્મક યોગદાન આપશે.

## ભારતમાં શુષ્ક વિસ્તારો

ઉત્તર–પશ્ચિમ ભારતમાં શુષ્ક પ્રદેશો રાજસ્થાન, હરિયાણા, ગુજરાત અને પંજાબ રાજ્યોમાં ફેલાયેલા છે.

- આ ક્ષેત્ર ભારતના કુલ ભૌગોલિક વિસ્તારના આશરે 12% છે અને અંદાજિત 80 મિલિયન લોકોનું ઘર છે.
- શુષ્ક પ્રદેશમાં વાર્ષિક વરસાદ 100 થી 400 મીમી સુધીનો હોય છે, આમ આખું વર્ષ પાણીની તીવ્ર અછત રહે છે.



1. 'ભારતીય વાયુસેના દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 ઓક્ટોબર (B) 7 ઓક્ટોબર (C) 8 ઓક્ટોબર (D) 9 ઓક્ટોબર (C)

2. 'વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ'માં સુશ્રી અંશુ મલિકે તાજેતરમાં સિલ્વર મેડલ જીત્યો છે. તે ભારતના કયા રાજ્યના વતની છે ?

(A) ઉત્તરાખંડ (B) મેઘાલય (C) તેલંગાણા (D) હરિયાણા (D)

3. સુશ્રી અંશુ મલિકે 'વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ 2021'માં કઈ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો છે ?

(A) 57 kg (B) 47 kg (C) 67 kg (D) 77 kg (A)

4. તાજેતરમાં કયા મંત્રાલયે 'નેશનલ રોડ સેફટી બોર્ડ' (National Road Safety Board)ની સ્થાપના માટેનું જાહેરનામું બહાર પાડ્યુ છે ?

(A) જળશક્તિ મંત્રાલય (B) કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય

(C) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (D) રાજ્ય પ્રવાસન મંત્રાલય (B)

5. તાજેતરમાં શ્રી અરવિંદ ત્રિવેદીનું નિધન થયું છે. તેમણે પ્રસિધ્ધ ટીવી સિરિયલ રામાયણમાં કયું પાત્ર ભજવ્યું હતું ?

(A) રાવણ (B) લક્ષ્મણ (C) સુગ્રીવ (D) અંગદ (A)

6. 'હેલી બોર્ન સર્વે ટેક્નોલોજી' નીચેની પૈકી કઈ બાબત સાથે સંકળાયેલી છે ?'

(A) ભૂગર્ભ જળ વ્યવસ્થાપન (B) ડ્રોન ટેક્નોલોજી

(C) બસ ટ્રેકિંગ (D) ઓનલાઈન શિક્ષણ (A)

7. 'હેલી બોર્ન સર્વે ટેક્નોલોજી' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ ટેક્નોલોજી CSIR- NGRI હૈદરાબાદ દ્વારા વિકસાવવામાં આવી છે.

(B) આ ટેક્નોલોજી શુષ્ક (સૂકા) વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્ત્રોતોને મેપ કરવામાં મદદ કરશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 9 ઓક્ટોબર, (1) વિશ્વ ટપાલ દિવસ (World Post Day)
## (2) પ્રાદેશિક સેના દિવસ (Teritorial Army Day)

## 'Good Samaritans' યોજના

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તાજેતરમાં 'સારા નાગરિકો' (Good Samaritans) માટે એક યોજના શરૂ કરી છે.

- આ યોજના 15 ઓક્ટોબર, 2021થી લાગુ થશે અને 31 માર્ચ, 2026 સુધી ચાલશે.
- આ યોજના હેઠળ અકસ્માતના 'સુવર્ણ કલાક' (ગોલ્ડન ઓવર)ની અંદર વ્યક્તિને હોસ્પિટલમાં લઈ જઈને માર્ગ અકસ્માતને ભોગ બનેલા વ્યક્તિનો જીવ બચાવનારાઓને અકસ્માત દીઠ રૂ. 5000નું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
- આ સંદર્ભમાં બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ વ્યક્તિને વર્ષમાં મહત્તમ પાંચ વખત એવોર્ડ આપી શકાય છે.
- રોકડ પુરસ્કાર સાથે પ્રશંશાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

### રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારો

દરેક કેસમાં પુરસ્કાર ઉપરાંત મંત્રાલય 'સૌથી વધુ યોગ્ય સારા નાગરિકો' (Most Worthy Good Samaritans)ને 10 રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કારો પણ આપશે.

- આખા વર્ષ દરમિયાન સન્માનિત થયેલા લોકોમાંથી 'Most Worthy Good Samaritans'ની પંસદગી કરવામાં આવશે.
- અને તેમાંથી દરેકને 1,00,000 રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.
- માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રોકડ પુરસ્કાર આપવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન વિભાગને 5 લાખ રૂપિયાનું પ્રારંભિક અનુદાન આપશે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુવર્ણ કલાક (Golden Hour) એટલે શું ?

'સુવર્ણ કલાક'એ આઘાતજનક ઈજા બાદ 1 કલાકનો સમયગાળો છે.

- આ સમયગાળામાં પીડિતનું જીવન મોટા પ્રમાણમાં બચાવી શકાય છે.

## વર્લ્ડ બેંકે 'Shifting Gears : Digitization and Services- Led Development' રિપોર્ટ બહાર પાડ્યો




વર્લ્ડ બેંકના 'Shifting Gears : Digitization and Services- Led Development' રિપોર્ટ અનુસાર 2021-22ના નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં 8.3%ની વૃધ્ધિ થવાનો અંદાજ છે.

- આ રિપોર્ટ અનુસાર આગામી નાણાકીય વર્ષમાં ભારતની આર્થિક સંભાવનાઓ કોવિડ– 19 સામે રસીકરણની ગતિ તથા કૃષિ અને શ્રમ સુધારાઓના સફળ અમલીકરણ દ્વારા નક્કી કરવામાં આવશે.
- ભારતના કુલ ઘરેલું ઉત્પાદન (GDP)માં નાણાકીય વર્ષ 2021-22ના પ્રથમ ક્વાર્ટર (એપ્રિલ–જૂન ક્વાર્ટર)માં 'એક મહત્વપૂર્ણ આધાર અસર, સ્થાનિક માંગને મર્યાદિત નુકશાન અને મજબૂત નિકાસ વૃધ્ધિ'ની પૃષ્ઠભૂમિમાં 20.1%ની વૃધ્ધિ થઈ છે.
- દેશવ્યાપી કોરોના વાયરસ લોકડાઉનને કારણે નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ક્વાર્ટરમાં ભારતની GDPમાં 24.4%નો ઘટાડો થયો છે.
- વર્લ્ડ બેંકે એ પણ જણાવ્યું છે કે કોરોના મહામારીની બીજી લહેર દરમિયાન ભારતની અર્થવ્યવસ્થામાં વિક્ષેપની દષ્ટિએ પ્રથમ લહેરની સરખામણીમાં મર્યાદિત હતો.

## આર્થિક પુનઃ પ્રાપ્તિ

વર્લ્ડ બેંકના અહેવાલ મુજબ ભારતમાં વિવિધ ક્ષેત્રોમાં આર્થિક સુધારા અસમાન રહ્યા છે.

- વર્ષ 2021માં મેન્યુફેક્ચરિંગ અને બાંધકામ ક્ષેત્રે ઝડપથી સુધારો થયો, પરંતુ ઓછી કુશળ વ્યક્તિઓ, સ્વરોજગાર ધરાવતા લોકો, મહિલાઓ અને નાની કંપની પાછળ રહી ગઈ હતી.
- ભારતની આર્થિક પુનઃપ્રાપ્તિની સંભાવનાઓ કોવિડ– 19 સામે રસીકરણની ગતિ અને કૃષિ તથા શ્રમ સુધારાઓના સફળ અમલીકરણ દ્વારા નક્કી કરવામાં આવશે.

નોંધ : (1) 'જીડીપી ગ્રોથ રેટ' જેવા આર્થિક ડેટાની ગણતરી દર વર્ષે કરવામાં આવે છે.

(2) અગાઉના વર્ષનો નીચો વિકાસ દર ચાલુ વર્ષમાં મર્યાદિત આધાર પૂરો પાડે છે.

1. ‘વિશ્વ ટપાલ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર

(C)

2. ‘વિશ્વ પ્રાદેશિક સેના દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર

(C)

3. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તાજેતરમાં 'Good Samaritans' યોજના શરૂ કરી છે તે કયા કયા સમયગાળા સુધી ચાલશે ?

(A) 15 ઓક્ટોબર, 2021 થી 31 માર્ચ, 2026 (B) 15 ઓક્ટોબર, 2021 થી 31 માર્ચ, 2027

(C) 15 ઓક્ટોબર, 2021 થી 31 માર્ચ, 2028 (D) 15 ઓક્ટોબર, 2021 થી 31 માર્ચ, 2029

(A)

4. 'Good Samaritans' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના હેઠળ અકસ્માતના ‘સુવર્ણ કલાક’ (1 કલાક)ની અંદર અકસ્માતમાં ભોગ બેનલા વ્યક્તિનો જીવ બચાવનાર વ્યક્તિને રૂ. 5000નું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

2. આ સંદર્ભમાં આવા વ્યક્તિને વર્ષમાં મહત્તમ પાંચ વખત એવોર્ડ આપી શકાય છે.

3. આ યોજના અંતર્ગત કોઈ વ્યક્તિ આવી 10 વખત મદદ કરશે તો સરકાર તેમને 3.25 લાખનું ઈનામ આપશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

(B)

5. વર્લ્ડ બેંકના 'Shifting Gears : Digitization and Services- Led Development' રિપોર્ટ અનુસાર 2021-22ના નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં ________ની વૃદ્ધિ થવાનો અંદાજ છે.

(A) 5.2% (B) 8.3% (C) 3.1% (D) 3.8%

(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાતને કોરોના વેક્સીનેશનમાં શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ**

કોવિડ– 19 વેક્સીનેશનમાં ગુજરાતે મોટા રાજ્યોની કેટેગરીમાં શ્રેષ્ઠ દેખાવ દ્વારા બેસ્ટ વેક્સીનેશન કોમ્બેટીંગ કોવિડ– 19 એવોર્ડ મેળવવાની સિધ્ધી મેળવી છે. નવી દિલ્હી ખાતે આયોજીત એવોર્ડ વિતરણ સમારોહમાં ગુજરાતને 'ઈન્ડિયા ટુ ડે હેલ્થગીરી એવોર્ડ 2021' અંતર્ગત આ ગૌરવ સન્માન કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ એનાયત કર્યુ હતું. આ ઉપરાંત ઈન્ડિયા ટુ ડે ગ્રુપ દ્વારા 'હેલ્થગીરી 2021 એવોર્ડ'માં વિશેષ ગૌરવ સન્માન ભારત સરકારમાં સેવારત તત્કાલીન સચિવ અને ગુજરાત કેડરના વરિષ્ઠ સનદી અધિકારી સ્વ ગુરૂપ્રસાદ મહામાત્રાને એકમાત્ર 'Unsung Hero'તરીકે આપવામાં આવ્યું હતું. આ સન્માન સ્વ ગુરુપ્રસાદ મહામાત્રાને મરણોપરાંત એનાયત કરવામાં આવ્યું હતું. આ ગૌરવ સન્માન એવા વ્યક્તિ વિશેષને એનાયત કરવામાં આવે છે જેમણે કોવિડ– 19 દરમિયાન નિઃસ્વાર્થ કર્તવ્ય પરાયણતા કોઈપણ પ્રસિધ્ધ વિના કે જાહેરમાં આવ્યા સિવાય દાખવી હોય. સ્વ ગુરૂપ્રસાદ મહાપાત્રા આવી કર્તવ્યદક્ષતા નિભાવતા પોતે કોવિડ–19 મહામારીનો ભોગ બનીને દુઃખદ અવસાન પામ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા**

સ્વાતંત્રતા સેનાની અને ગુજરાતના સપૂત શ્રી શ્યામજી કૃષ્ણ વર્માની જન્મતિથીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભાવસભર અંજલી અર્પણ કરી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિધાનસભા પોડિયમમાં સદ્‌ગત શ્રી શ્યામજી કૃષ્ણ વર્માના તૈલચિત્ર સમક્ષ શ્રધ્ધસુમન અર્પણ કરીને કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. શ્રી શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ 4 ઓક્ટોબર, 1857ના રોજ ગુજરાતના કચ્છ જિલ્લાના માંડવી શહેરમાં થયો હતો. તેઓ સંસ્કૃત ભાષાના નિષ્ણાત હતા. તેમણે લંડનમાં ઈન્ડિયન હોમરૂલ સોસાયટી, ઈન્ડિયા હાઉસ અને ધ ઈન્ડિયન સોશિયોલોજિસ્ટની સ્થાપના કરી હતી. તેમણે ઈન્ડિયન હોમરૂલ સોસાયટી દ્વારા ભારતમાં બ્રિટિશ શાસનની ટીકા કરી હતી.

➤ **ગુજરાતમાં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી**

ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા ગુજરાતમાં 2 થી 8 ઓક્ટોબર, 2021 દરમિયાન 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યવ્યાપી સપ્તાહનું ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સહભાગી થઈને સમાપન કરાવ્યું હતું. આ અંતર્ગત ગુજરાતમાં વન્ય સૃષ્ટિ અંગે જાગૃતિ ફેલાવવા માટે ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા જુદા જુદા સ્થળોએ ચિત્ર સ્પર્ધા સહિતના અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વન્ય પ્રાણી સપ્તાહ'ને 'વન્ય પ્રાણી સંરક્ષણ સપ્તાહ' તથા 'વન્ય જીવ સપ્તાહ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ભારત

➤ **રાષ્ટ્રીય એકતા અને યોગદાન માટે લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઇ એવોર્ડ**

રાષ્ટ્રીય એકતા અને યોગદાન 2021 માટે લોકપ્રિય ગોપિનાથ બોરદોલોઈ એવોર્ડ 3 ઓક્ટોબર, 2021ના રોજ ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુ દ્વારા પ્રદાન કરવામાં આવ્યો હતો. પ્રસિધ્ધ લેખક શ્રી નિરોદ કુમાર બરુઆ, કસ્તુરબા ગાંધી નેશનલ મેમેરિયલ ટ્રસ્ટ અને 'શિલોંગ ગાયક મંડળી'ના સભ્યોને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર આસામનો સૌથી મોટો પુરસ્કાર છે. તેમાં 5 લાખના રોકડ પુરસ્કાર સાથે પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે. આ પુરસ્કાર આસામના પ્રથમ મુખ્યમંત્રી શ્રી લોકપ્રીય ગોપિનાથ બોરદોલોઈના નામથી પ્રદાન કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કામધેનુ દીપાવલી 2021 અભિયાન**

રાષ્ટ્રીય કામધેનુ પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથિરીયાએ શ્રી પરષોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં 3 ઓક્ટોબર, 2021ના રોજ 'કામધેનુ દીપાવલી 2021' અભિયાન શરૂ કર્યુ છે. આ અભિયાન અંતર્ગત લગભગ 100 કરોડ દીવા અને ગાયના છાણમાંથી બનાવેલી ભગવાન ગણેશ અને લક્ષમીજીની મૂર્તિઓનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. ગાયના પંચગવ્યમાંથી 300 વસ્તુઓ બનાવવામાં આવી રહી છે, જેમાં દીવા, મીણબત્તીઓ, હવન સામગ્રી, ધુપ લાકડીઓ, મૂર્તિઓ વગેરેનો સમાવેશ થાય છે. ભારતભરના ગાય સાહસિકોને આ અભિયાનનો લાભ મળશે. તે એક પર્યાવરણને અનુકૂળ અભિયાન છે જે ગૌશાળાઓને આત્મનિર્ભર બનાવવામાં પણ મદદ કરશે. નોંધનીય છે કે રાષ્ટ્રીય કામધેનુ પંચ મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલયના 'પશુપાલન અને ડેરી વિભાગ' હેઠળ કામ કરતી એજન્સી છે. તેની સ્થાપના ગાયોના રક્ષણ માટે કરવામાં આવી છે.

➤ **ચેન્નાઈ સિટી પાર્ટનરશિપ : સસ્ટેનેબલ અર્બન સર્વિસીસ પ્રોગ્રામ**

વર્લ્ડ બેંકે તાજેતરમાં ચેન્નાઈને વૈશ્વિક કક્ષાનું શહેર બનાવવા માટે 150 મિલિયન ડોલર (અંદાજે રૂ. 1112 કરોડ)ના કાર્યક્રમને મંજૂરી આપી છે. જેનાથી ચેન્નાઈ વધુ હરિયાળુ રેહવાલાયક અને આબોહવા પરિવર્તન માટે વધુ સ્થિતિસ્થાપક બનશે. 150 મિલિયન ડોલરનો 'ચેન્નાઈ સિટી પાર્ટનરશિપ : સસ્ટેનેબલ સર્વિસીસ પ્રોગ્રામ' રાજ્યની સંસ્થાઓને મજબૂત કરશે તથા સેવા એજન્સીઓના નાણાકીય સ્વાસ્થ્યમાં સુધારો કરશે અને ચાર મુખ્ય શહેરી સેવાઓ જેવી કે પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા, ગતિશીલતા, આરોગ્યની ગુણવત્તા સુધારણા અને ઘન કચરાના વ્યવસ્થાપનમાં પણ મદદ કરશે.

➤ **હરા ભરા : એરિયલ સીડિંગ અભિયાન**

તાજેતરમાં સીડકોપ્ટર ડ્રોનનો ઉપયોગ કરીને તેલંગાણામાં ભારતનું પ્રથમ 'હરા ભરા : એરિયલ સીડિંગ અભિયાન' (Hara Bhara : Aerial Seeding Campaign) શરૂ કરવામાં આવ્યું હતું. આ અગાઉ ઓગસ્ટ 2015માં આંધ્રપ્રદેશ સરકારે ભારતીય નૌકાદળના હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને હવાઈ વાવણી કાર્યક્રમ શરૂ કર્યો હતો. હરાભરા અભિયાનનો ઉદ્દેશ ડ્રોનનો ઉપયોગ કરીને 2030 સુધીમાં એક અબજ વૃક્ષો વાવીને વનીકરણના મિશનને વેગ આપવાનો છે. આ પ્રોજેક્ટમાં વિસ્તારને હરિયાળો બનાવવા માટે સાંકડી, ઉજ્જડ અને ખાલી જંગલ જમીન પર ડ્રોનનો ઉપયોગ કરીને સીડ બોલનો છંટકાવ કરવામાં આવે છે. સીડકોપ્ટર એ મારૂત ડ્રોન દ્વારા વિકસિત ડ્રોન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **Dare to Dream 2.0 સ્પર્ધાના વિજેતાઓનું સન્માન કરાયું**

4 ઓક્ટોબર, 2021ના રોજ સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 'સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન' (DRDO) દ્વારા આયોજિત 'ડેર ટુ ડ્રિમ 2.0' સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કર્યા હતા. વ્યક્તિગત કેટેગરીમાં 22 અને સ્ટાર્ટ– અપ કેટેગરીમાં 18 સહિત 40 વિજેતાઓને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઈનોવેટર્સ અને સ્ટાર્ટ–અપ્સને પ્રોત્સાહન આપવા અને દેશમાં યુવા પ્રતિભાઓને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે 'ડેર– ટુ– ડ્રિમ 3.0' પણ શરૂ કરવામાં આવ્યું છે. ઉભરતી સંરક્ષણ અને એરોસ્પેસ ટેક્નોલોજી અથવા સિસ્ટમો વિકસાવવા માટે ભારતીય શિક્ષણવિદ્દો, વ્યક્તિઓ અને સ્ટાર્ટ–અપ્સને પ્રોત્સાહન આપવા માટે DRDO દ્વારા 'ડેર ટુ ડ્રિમ' સપર્ધા સમગ્ર ભારતમાં શરૂ કરવામાં આવી હતી. આ સ્પર્ધા હેઠળ DRDO 'ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ' (TDF) યોજના હેઠળ વિજેતાઓને તેમના વિચારોને સાકાર કરવા માટે તકનીકી અને નાણાકીય સહાય પૂરી પાડે છે.

➤ **ભારતના 18 વાઘ શ્રેણીના રાજ્યોમાં વાઘ રેલીઓ**

2 ઓક્ટોબર, 2021ના રોજ કેન્દ્રીય પર્યાવરણમંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ભારતમાં 18 વાઘ શ્રેણીના રાજ્યોમાં વાઘ રેલીઓ શરૂ કરી હતી. વાઈલ્ડ લાઈફ વીક સેલિબ્રેશન્સ અને આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 51 વાઘ રિઝર્વમાં વાઘ રેલીઓ શરૂ કરવામાં આવી હતી. 2 ઓક્ટોબર થી 7 ઓક્ટોબર સુધી આ રેલીઓ અંદાજે 7,500 કિમીનું અંતર કાપશે. આ રેલીઓ ત્રણ વાઘ અભ્યારણ્યમાંથી શરૂ કરવામાં આવી હતી : (1) બિલિગીરી રંગનાથસ્વામી મંદિર ટાઈગર રિઝર્વ, કર્ણાટક, (2) નવેગાંવ નાગઝીરા ટાઈગર રિઝર્વ, મહારાષ્ટ્ર, (3) સંજય ટાઈગર રિઝર્વ, મધ્યપ્રદેશ. આ રેલીની શરૂઆત 'India for Tigers-A Rally on Wheels' થીમ સાથે કરવામાં આવી હતી. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ વાઘ સંરક્ષણના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.

## વિશ્વ

➤ **શ્રી ફુમિયો કિશિદા**

જાપાનની સંસદે ભૂતપૂર્વ વિદેશ મંત્રી શ્રી ફુમિયો કિશિદાને જાપાનના નવા વડાપ્રધાન તરીકે પંસદ કર્યા છે. તેઓ જાપાના 100મા વડાપ્રધાન બનશે. તેઓ જાપાનના પૂર્વ વડાપ્રધાન શ્રી યોશીહિદે સુગાનું સ્થાન લેશે. 64 વર્ષીય શ્રી ફુમિયો કિશિદા રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે. તેમના પિતા અને દાદા બંને જાપાનના પ્રતિનિધિ સભાના સભ્ય હતા. તેમણે 2012 થી 2017 સુધી વિદેશમંત્રીનું પદ સંભાળ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **'The State of Climate Services 2021 : Water' રિપોર્ટ**

વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠન (WMO)એ 5 ઓક્ટોબર, 2021ના રોજ 'ધ સ્ટેટ ઓફ ક્લાઈમેટ સર્વિસીઝ 2021 : વોટર' નામનો પોતાનો નવો અહેવાલ બહાર પાડ્યો છે. WHOના જણાવ્યા અનુસાર આબોહવા પરિવર્તનથી પૂર અને દુષ્કાળ જેવા પાણી સંબંધિત જોખમોનું જોખમ વધારે છે. આ અહેવાલ મુજબ વર્ષ 2018માં વિશ્વભરમાં 3.6 અબજ લોકોને દર વર્ષે ઓછામાં ઓછા એક મહિના સુધી પાણીની અપૂરતી પહોંચ હતી. આ સંખ્યા વર્ષ 2050 સુધીમાં 5 અબજને વટાવી જાય તેવી ધારણા છે. આ રિપોર્ટમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આ પરિસ્થિતમાં વધુ ખરાબ થઈ રહી છે. કારણ કે પૃથ્વી પર માત્ર 0.5 ટકા પાણી જ ઉપયોગી છે. અગાઉના બે દાયકાની સરખામણીએ વર્ષ 2000થી પૂર સંબંધિત આપત્તિઓમાં 134%નો વધારો થયો છે. જો કે સમાન સમયગાળા દરમિયાન દુષ્કાળની સંખ્યા અને અવધીમાં 29%નો વધારો થયો છે. આ રિપોર્ટમાં એ વાત પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે કે દુષ્કાળ સંબંધિત મોટાભાગના મૃત્યુ આફ્રિકામાં થયા છે. આ અહેવાલ મુજબ વધતા તાપમાનના પરિણામે વૈશ્વિક અને પ્રાદેશિક વરસાદ બદલાઈ રહ્યો છે. જે વરસાદની પેટર્ન તેમજ કૃષિ સિઝનમાં ફેરફાર કરશે.

## ICE ? Questions

- નવી દિલ્હી ખાતે આયોજિત 'ઈન્ડિયા ટુ ડે હેલ્થગીરી એવોર્ડ 2021' અંતર્ગત કયા રાજ્યને કોરોના વેક્સિનેશનમાં શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ મળ્યો છે ? – ગુજરાત
- ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા ગુજરાતમાં 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ? – 2 થી 8 ઓક્ટોબર
- રાષ્ટ્રીય એકતા અને યોગદાન માટે 'લોકપ્રિય ગોપિનાથ બોરદોલોઈ એવોર્ડ' કયા રાજ્યનો સૌથી મોટો પુરસ્કાર છે ? – આસામ
- તાજેતરમાં કયા અભિયાન અંતર્ગત લગભગ 100 કરોડ દીવા અને ગાયના છાણમાંથી મૂર્તિઓ બનાવવામાં આવી છે ? – કામધેનુ દીપાવલી 2021 અભિયાન
- તાજેતરમાં કઈ બેંકે ચેન્નાઈને વૈશ્વિક કક્ષાનું શહેર બનાવવા માટે 150 મિલિયન ડોલરના કાર્યક્રમની મંજૂરી આપી છે ? – વર્લ્ડ બેંક
- તાજેતરમાં સીડકોપ્ટર ડ્રોનનો ઉપયોગ કરીને તેલંગાણામાં કયુ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું ? – હરા ભરા : એરિયલ સીડિંગ અભિયાન
- શ્રી શ્યામજી કૃષ્ણ વર્માનો જન્મ 4 ઓક્ટોબર, 1857ના રોજ કચ્છ જિલ્લાના કયા સ્થળે થયો હતો ?– માંડવી
- જાપાનના નવા વડાપ્રધાનનું નામ જણાવો ? – શ્રી ફુમિયો કિશિદા
- તાજેતરમાં સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે કઈ સંસ્થા દ્વારા આયોજિત 'ડેર ટુ ડ્રિમ 2.0' સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કર્યા હતા ? – DRDO
- તાજેતરમાં ભારતના કેટલા વાઘ શ્રેણીના રાજ્યોમાં વાઘ રેલીઓ યોજાઈ હતી ? – 18
- તાજેતરમાં કોણે 'The State of Climate Services 2021: Water' નામનો રિપોર્ટ બહાર પાડ્યો છે ? – વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠન (WMO)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# Question Of this Week

1. તાજેતરમાં ભારત સરકારના મુખ્ય હાઈડ્રોગ્રાફર તરીકે કોણે પદભાર સંભાળ્યો છે ? – શ્રી અધીર અરોરા
(તાજેતરમાં વાઈસ એડમિરલ શ્રી અધીર અરોરાએ ભારત સરકારના મુખ્ય હાઈડ્રોગ્રાફર તરીકે જવાબદારી સંભાળી છે.)

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'SAGE' અને 'SACRED' પોર્ટલ વસતીના કયા વર્ગ સાથે સંકળાયેલ છે ? – વૃધ્ધ
(સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં શ્રી એમ. વેંકૈયા નાયડુએ વરિષ્ઠ નાગરિકોને વ્યોશ્રેષ્ઠ સન્માન–2021થી સન્માનિત કર્યા હતા. આ ઉપરાંત તેમણે બે પોર્ટલ પણ લોન્ચ કર્યા હતા SAGE અને SACRED. જેમાં SAGEનું પૂરું નામ 'Seniorcare Aging Growth Engine' છે અને SACREDનું પૂરું નામ 'Senior Able Citizens for Re-Employment in Dignity' છે.)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ દવા ‘મોલનુપિરાવીર’ (Molnupiravir) કયા રોગ સાથે સંકળાયેલ છે ? – Covid-19

4. તાજેતરમાં ઓમાન પર એક ચક્રવાત ત્રાટક્યું હતું તેનું નામ જણાવો ? – શાહીન
(ઉષ્ણકંટિબંધીય ચક્રવાત શાહીન ઓમાનના દરિયાકાંઠે ત્રાટક્યું હતું. ચક્રવાત શાહીનનું નામ કતાર દેશે આપ્યું છે.)

5. કઈ સંસ્થા આવશ્યક દવાઓની મોડેલ યાદી પ્રકાશિત કરે છે ? – WHO
(WHOએ તાજેતરમાં ‘બાળકો માટે આવશ્યક દવાઓ અને આવશ્યક દવાઓની મોડેલ સુચિની નવીનતમ આવૃત્તિ પ્રકાશિત કરી છે. નવી સૂચીમાં ડાયાબિટીસ અને કેન્સરની સારવારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.)

6. 'DAY NRLM' યોજના કયા મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવી છે ? – ગ્રામીણ વિકાસ મંત્રાલય
(દીન દયાળ અંત્યોદય યોજના– રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY NRLM) વર્ષ 2011માં કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી એક મુખ્ય યોજના છે, જે ગ્રામીણ વિસ્તારોમાં ગરીબો માટે સંસ્થાકીય મંચ બનાવવા અને તેમની આજીવિકા વધારે છે.)

7. તાજેતરમાં કઈ એજન્સીના નેશનલ સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ ઈન્ફર્મેશન એનાલિસિસ મુજબ ‘ઓગસ્ટ 2021’ પૃથ્વી પરનો છઠ્ઠો સૌથી ગરમ મહિનો હતો ? – NOAA
(ઓગસ્ટ 2021 એ 142 વર્ષમાં છઠ્ઠો સૌથી ગરમ મહિનો હતો. NOAAનું પૂરું નામ 'National Oceanic and Atmospheric Administration' છે. તે અમેરિકન વૈજ્ઞાનિક અને નિયમનકારી એજન્સી છે જે ‘યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ કોમર્સ’ હેઠળ કાર્યરત છે.)

8. 'Face Recognition Software' જે તાજેતરમાં ચર્ચામાં હતું. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – તમિલનાડુ
(તમિલનાડુના મુખ્યમંત્રી શ્રી એમ.કે. સ્ટાલિને 4 ઓક્ટોબર, 2021ના રોજ પોલીસ અધિકારીઓને તેમની તપાસમાં મદદ કરવા માટે ‘ફેસ રેકગ્નિશન સોફ્ટવેર’ લોન્ચ કર્યુ છે. જે પોલીસ કર્મચારીઓને ક્રાઈમ અને ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક અને સિસ્ટમ (CCTNS)માં અપલોડ કરેલા ‘ડેટા રિસોર્સ’ સાથે શકમંદોના ફોટોગ્રાફસની તુલના કરવામાં મદદ કરશે. CCTNSની વેબસાઈટ પર 5.30 લાખથી વધુ ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવ્યા છે. આ સોફ્ટવેર પોલીસ સ્ટેશનના કમ્પ્યૂટર તેમજ પોલીસ કર્મચારીના સ્માર્ટફોનમાં પણ ઈન્સ્ટોલ કરી શકાય છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. કઈ સંસ્થા 'Global Financial Stability Report' પ્રકાશિત કરે છે ? – IMF

10. ઓસ્ટ્રેલિયામાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર કોણ બન્યુ છે ? – સુશ્રી સ્મૃતિ મંધાના

11. તાજેતરમાં સમાચારોમાં રહેલ સુશ્રી મનુભાકર કઈ રમત સાથે સંકળાયેલ છે ? – શૂટિંગ
(ભારતીય નિશાનેબાજ સુશ્રી મનુ ભાકર તાજેતરમાં પેરૂમાં યોજાયેલી ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ટોચના મંચ પર પહોંચ્યા હતા. તેમણે વ્યક્તિગત પિસ્તોલ અને શ્રી સરબજોતસિંહ સાથે મિશ્રિત ટીમ પિસ્તોલમાં ગોલ્ડ જીત્યો હતો.)

12. તાજેતરમાં સમાચારમાં રહેલ ‘ઈડિયુર’ અને ‘કુટ્ટીઅટ્ટુર’ કયા રાજ્ય સાથે સંબંધિત છે ? – કેરળ
(કેરળ રાજ્યના ‘ઈડિયુર મરચા’ અને ‘કુટ્ટીઅટ્ટુર કેરી’ને તાજેતરમાં GI ટેગ મળ્યો છે.)

13. ભારતમાં NPCI દ્વારા કયા વર્ષમાં UPI શરૂ કરવામાં આવ્યું હતું ? – 2016

14. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા માનસિક આરોગ્ય જાગૃતિ અભિયાન સપ્તાહ ક્યારે મનાવવામાં આવે છે ? – 5 ઓક્ટોબર થી 10 ઓક્ટોબર

15. ‘પોન્ટે દી ફેરો’નામનો એક પુલ ચર્ચામાં રહ્યો છે તે કયા દેશમાં સ્થિત છે ? – ઈટાલી
(ઈટાલીના રોમ ખાતે સ્થિત ‘પોન્ટે દી ફેરો’નામનો લોખંડનો પુલ આગથી સંપૂર્ણ પણે નુકસાન પામ્યો છે. અને આ પુલ તૂટીને તિબર (Tiber) નદીમાં પડ્યો હતો. આ પુલને ‘પોન્ટે ડેલ ઈન્ડસ્ટ્રિયા’ તરીકે પણ ઓળખવામાં આવે છે.)

16. નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (NARCL)ના MD કોણ છે ? – શ્રી પી.એમ. નાયર

17. ‘આઝાદી @75– ન્યુ અર્બન ઈન્ડિયા’ નામના શહેરી કોન્કલેવનું ઉદ્દઘાટન કયા શહેરમાં થયું હતું ? – લખનૌ
(ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લખનૌમાં ‘આઝાદી @75 –ન્યુ અર્બન ઈન્ડિયા’ નામના શહેરી સંમેલન અને એક્સ્પોનું ઉદ્દઘાટન કર્યુ હતું.)

18. ‘સ્વામીત્વ’ (SVAMITVA) યોજના કયા કેન્દ્રીય મંત્રાલય દ્વારા લાગુ કરવામાં આવી છે ?
– પંચાયતી રાજ મંત્રાલય
(SVAMITVAનું પૂરું નામ 'Survey of Villages Abadi and mapping With Improvised Technology in Village Areas' છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજના હેઠળ મધ્યપ્રદેશના 1,71,000થી વધુ લાભાર્થીને ઈ–પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યુ હતું.)

19. તાજેતરમાં ચર્ચામાં રહેલ GI ટેગ પ્રાપ્ત વાનગી ‘મિહિદાના’ (Mihidana) કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?
– પશ્ચિમ બંગાળ

20. 'National Mission on Edible Oil- Oil Palm Business Summit' તાજેતરમાં ઉત્તર–પૂર્વ માટે કયાં સ્થળે યોજવામાં આવી હતી ? – ગુવાહાટી

21. કયા રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશે તેના આરોગ્ય માહિતી વ્યવસ્થાપન પ્રણાલી (HIMS) પ્રોજેક્ટ હેઠળ ‘દરેક નાગરિક’ને અનન્ય આરોગ્ય કાર્ડ આપવાનું નક્કી કર્યુ છે ? – દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT